સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૭/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અષાઢ સુદ-૯ વર્ષ : ૧૭ અંક : ૧૮૭


**સુવિચાર**

''વર્તનથી પણ વાર્તા લખી શકાતી હોય છે. દરેક વખતે લખાણ માટે પેનની જરૂર નથી હોતી.''


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## અમરેલી જિલ્લામાં એક દાયકાથી થતી ખનિજ ચોરી સામે તંત્ર એકશન મોડમાં

# જાગ્યા ત્યાંથી સવાર : ખાન ખીજડીયા ગામેથી રેતી ખનન કરતાં વાહનો ઝડપાયા

૨ દિવસ પહેલા સરંભડામાં ગ્રામજનોએ રેતી ખનન સામે હલ્લાબોલ કરીને તંત્રનાં સબ સલામતનાં દાવા પોકળ સાબિત કર્યા

લીલીયા પંથકમાંથી થતી ખનિજ ચોરી બાદ ખાન ખીજડીયા ગામેથી પણ રેતી ચોરી કરતાં વાહનો ઝડપી લેવાયા

રેતી ખનન કરીને અનેક રોડપતિ કરોડપતિ બની ગયા અનેક અધિકારીઓ અને પદાધિકારીઓ પણ મલાઈ મેળવી ગયા

જો કે ખાણ-ખનિજ વિભાગ એકલ દોકલ કેસ કરીને સંતોષ માને છે કે રેતી ચોરીનાં દુષણને નેસ્તનાબુદ કરે છે તે જોવું રહ્યું




વડિયા, તા. ૨૧

અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર ખનિજ ચોરી કરતા ખનિજ માફિયાઓ સામે ખાણ અને ખનિજ વિભાગે લાલ આંખ કરી છે. વડિયા તાલુકાના ખાન ખીજડીયા ગામેથી પસાર થતી સુરવો નદીના પટમાં ચાલતી ગેરકાયદેસર ખનિજ ચોરી પર ખાણ–ખનીજ વિભાગની ટીમે સરપ્રાઈઝ દરોડો પાડી મોટું ઓપરેશન પાર પાડયું છે. દરોડા દરમિયાન ઘટના સ્થળેથી ગેરકાયદેસર ખનન અને વહન કરતા ૧ જેસીબી અને ૨ ટ્રેકટર સહિત કુલ રૂપ્યિા ર૩ લાખનો મુદ્દામાલ રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો છે. જપ્ત કરાયેલ તમામ વાહનોને કાયદેસરની કાર્યવાહી અર્થે વડિયા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યા છે. સુરવો નદીના પટમાં લાંબા સમયથી ચાલતા ખનિજ ચોરીના કાળો કારોબાર પર ખાણ–ખનિજ વિભાગે આકરા પ્રહારો કરતા જ સમગ્ર પંથકના ખનિજ માફિયાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા તત્વોમાં ભારે ફફડાટ અને સપાટો વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે આગામી દિવસોમાં પણ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડકમાં કડક કાર્યવાહી ચાલુ રહેશે.

## ગ્રામ્ય બાદ શહેરી વિસ્તાર સુધી રાનીપશુઓ પહોંચ્યા

# લ્યો બોલો : બગસરામાં દીવાલ ઉપર દીપડાએ દેખા દેતા ફફડાટ ફેલાયો

વન વિભાગ તાકીદે દીપડાને જંગલમાં રવાનાં કરે



બગસરા, તા. ૨૧

બગસરામાં અવાર નવાર દીપડો જોવા મળતો હોઈ છે. થોડા સમય પહેલા હુડકો કોલોનીમાં રહેતાં એક બાળક ઉપર દીપડા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ હવે ફરીવાર દીપડાનાં આંટા ફેરાથી લોકોમાં ભયનો માહોલ ઉભો થયો છે. આજકાલ સોશ્યલ મીડિયામાં દીપડાનો વિડીયો તેમજ ફોટા વાયરલ થઈ રહેલા છે. ત્યારે બગસરાનાં પોલીસ સ્ટેશનની પાછળ અને સાપર જવાનાં રસ્તે આવેલ રૂહાની કબ્રસ્તાનની દીવાલ ઉપર બેઠેલો દીપડો જોવા મળી રહેલ છે. ત્યારે આજુબાજુનાં વિસ્તાર લોકોને ભયનો માહોલ ઉભો થયો છે.

## વરસાદી માહોલ વચ્ચે તસ્કરોએ ઉપાધિ વધારી દીધી

# બગસરાનાં વાઘણીયા ગામે બુકાનીધારી ટોળકીએ એક સાથે ૧૦ સ્થળોએ ચોરી કરતા દોડધામ મચી

દુકાન, રહેણાંક, મકાન અને મંદિરને નિશાન બનાવી ૪ લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી કરી

બગસરા, તા. ૨૧

બગસરા પંથકના વાઘણીયા ગામમાં એકસાથે ૧૦ જેટલાં સ્થળે ચોરી થતા સમગ્ર બગસરા પંથકમાં ભય વ્યાપી ગયો છે. હાલમાં જયારે વેપારીઓમાં મંદીનું વાતાવરણ ઉભું થયું છે ત્યારે આવા સમયે તસ્કર ગેંગ એકિટવ થતા લોકોની ચિંતામાં વધારો થયો છે. છેલ્લા ચાર માસથી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા તાલુકામાં કાયદોને વ્યવસ્થા કથળી હોય તેવું લાગી રહ્યું છે વાઘણીયા ગામમાં એક સાથે બુકાની ધારી ટોળકીએ એક સાથે ૧૦ દુકાન, રહેણાંક મકાન તેમજ ગામના રામજી મંદિરને નિશાન બનાવી ૪ લાખ કરતા વધારે ચોરી થયાં હોવાનું જાણવા મળ્યું હતું. જયારે આ ચોરોની ગેંગ ગામની બજારમાં બુકાનીધારી બનીને સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. જયારે આ બાબતે બગસરા પોલીસ સ્ટેશનમાં જાણ તથા સમગ્ર ટીમ ઘટના સ્થળે દોડી આવેલ હતી. અને વધુ તપાસ કરવા ડોગ સ્કોર્ડ ટીમ અમરેલી પણ કામે લાગી ગઈ હતી. જયારે મળતી વિગત અનુસાર તસ્કરો દ્વારા ચોરી કરીને સોના ચાંદીને દાગીનાના બોકસ વાડી વિસ્તારમાં ફેંકીને નાશી ગયેલા હોવાથી સ્થાનિક લોકો વિગત જાણવા મળેલ હતી.


ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. દેવાંગ ટાંક
ગેસ્ટ્રોલોજીસ્ટ
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૨૩/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૧

ડો. ઝલક શાહ ઉપાધ્યાય
પીડીયાટ્રીક એન્ડોકાઈનોલોજીસ્ટ
બાળકોના થાઈરોઈડ, ડાયાબીટીસ તથા ગ્રોથની તકલીફના નિષ્ણાંત
તા. ૨૪/૦૭/૨૦૨૬, શુક્રવારે, સવારે ૯ થી ૨

ડો. અનિલ સાંજવા
પીડીયાટ્રીક સર્જન
નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૨૪/૦૭/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

ડો. કલ્પેશ બજાણીયા
ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન
મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૫/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૪૯૩ ૯૧૫૯૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૯ ૪૮૩૩૦

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર
કોરલ ડો, ફોટોશોપ, પેજમેકર તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરના (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય સાંજે : ૭ થી ૮
અમરેલી એકસપ્રેસ
કાર્યાલય : અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિકસ દાંત. ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
→ સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
→ દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
→ દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
→ દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
→ નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
→ ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,31,000/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૧/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

હાર્દિક અભિનંદન...





લીલીયા તાલુકાનાં યુવા રઘુવીર સેનાનાં પ્રમુખ અને અમારા પરમ સ્નેહી કિરીટભાઈ જે. રવાણી ની લીલીયા તાલુકા ભાજપનાં મંત્રી તરીકે વરણી થતા અમો અત્યંત હર્ષ સહ આનંદની લાગણી અનુભવીએ છીએ.....
-:: શુભેચ્છક ::-
રાહુલભાઈ પુંજાભાઈ ડેર
ભાવેશભાઈ પુંજાભાઈ ડેર
ક્રિષ્ના એન્ટરપાઈઝ
મુ. પીપળવા, તા. લીલીયા

## સ્માર્ટ સિટીનાં દાવાઓ વચ્ચે વાસ્તવિકતા અતિ ચિંતાજનક

# સાવરકુંડલાની ઔદ્યોગિક વસાહતમાં પ્રાથમિક સુવિધાનો અભાવ

**૬૦ થી ૭૦ જેટલા ઉદ્યોગગૃહો ધમધમે અને તેટલા જ નવા ઉદ્યોગોનું આગમન થવાનું હોય સારા માર્ગોની સુવિધા નથી**

**ઉદ્યોગપતિઓને મોટા વાહનો બાયપાસ ઉપર ઉભા રાખીને નાના વાહનો મારફત માલની હેરફેર કરવી પડે**

**પાલિકા સહિતનાં સરકારી વિભાગો દ્વારા જવાબદારીની ફેંકાફેંકી કરવામાં આવતી હોય ઉદ્યોગપતિઓમાં નારાજગી**

**માર્ગ સહિતની સુવિધા આપવામાં ન આવે તો ઉદ્યોગો બંધ થવાની ભીતિ પણ ઉભી થઈ રહી છે**







સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા શહેરમાં બાયપાસથી ઈન્ડસ્ટ્રીયલ એરિયાને જોડતો મુખ્ય રસ્તો અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ જતાં સ્થાનિક ઉદ્યોગકારો અને શ્રમિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. તાજેતરમાં થયેલા ભારે વરસાદ અને તંત્ર દ્વારા કરવામાં આવેલા અધૂરા ગટર લાઈનના ખોદકામે વેપારીઓ તથા શ્રમિકોની કમર તોડી નાખી છે.

સાવરકુંડલાના આ ઔદ્યોગિક વિસ્તારમાં હાલ અંદાજે ૬૦ થી ૭૦ જેટલા નાના–મોટા ઔદ્યોગિક એકમો ધમધમી રહ્યા છે, જયારે અન્ય ૬૦ થી ૭૦ જેટલા નવા યુનિટો બનવાની તૈયારીમાં છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે અહીં રસ્તા પર રસ્તો જ નથી રહ્યો અને મસમોટા ખાડાઓએ સામ્રાજય જમાવ્યું છે. રસ્તાની આવી કફોડી હાલતને કારણે મોટા માલવાહક વાહનો ઈન્ડસ્ટ્રીયલ એરિયા સુધી પહોંચી શકતા જ નથી.

રહેણાંક વિસ્તારમાં વિરોધ અને આર્થિક બોજ : વૈકલ્પિક વ્યવસ્થા તરીકે પટેલવાડી વાળો રસ્તો ઉપલબ્ધ છે ખરો, પરંતુ તે રહેણાંક વિસ્તાર હોવાથી સ્થાનિક રહીશો મોટા વાહનોની અવરજવરનો સખત વિરોધ કરી રહ્યા છે. પરિણામે, વેપારીઓએ પોતાના મોટા વાહનો બાયપાસ પર જ ઉભા રાખવા પડે છે. ત્યાંથી નાના વાહનો મારફતે માલસામાનની હેરફેર (લોડિંગ–અનલોડિંગ) કરવી પડે છે, જેના કારણે ઉલ્લેખનીય છે કે ભૂતકાળ માં આ રસ્તો સ્થાનિક રહીશો અને વેપારીઓએ પોતાના સ્વ–ખર્ચે બનાવ્યો હતો. પરંતુ હવે આ રસ્તો બિસ્માર બનતા સ્થાનિક નગરપાલિકા કે વહીવટી તંત્રનો એકપણ વિભાગ આ રસ્તાની જવાબદારી લેવા તૈયાર નથી. નાના ઉદ્યોગકારો પોતાની જાતે પોતાના રૂપિયાના ખર્ચે રસ્તો બનાવી શકે તેમ નથી, છતાં તંત્ર એકબીજા પર દોષારોપણ કરી આંખ આડા કાન કરી રહ્યાં છે.

સ્થાનિક વેપારીઓ અને ઉદ્યોગકારો દ્વારા નગરપાલિકા અને સ્થાનિક વહીવટી તંત્ર સામે ઉગ્ર માંગ ઉઠાવવામાં આવી છે કે આ રસ્તાનું તાત્કાલિક ધોરણે મરામત કામ શરૂ કરવામાં આવે. જો આગામી દિવસોમાં આ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે, તો આ વિસ્તારના ઉદ્યોગો સંપૂર્ણપણે ઠપ્પ થઈ શકે છે અને પરિણામે અનેક શ્રમિકોની રોજીરોટી છીનવાઈ શકે છે.

હવે જોવાનું એ રહે છે કે, કાંટા ઉદ્યોગના નામે મોટી–મોટી વાતો કરતું તંત્ર આ નાના વેપારીઓની વાસ્તવિક વેદના સાંભળીને રસ્તો બનાવશે કે પછી વિકાસના પોકળ દાવાઓ વચ્ચે મૌન સેવી રાખશે ?

---

### ૩૦ વર્ષ પહેલ થયેલ કથિત ગેરરીતિની નોંધાઈ ફરિયાદ

## ગીરગઢડાનાં ધોકડવા ગામે સરકારી રેકર્ડમાં કથિત રીતે ચેડા કરી પ્લોટ વેચી દીધો

**તત્કાલીન તલાટી મંત્રી સહિતનાઓ વિરૂધ્ધ ફરિયાદ**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૧

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામમાં નવા ગામ તળના પ્લોટની માલિકી અંગે ગંભીર કથિત ગેરરીતિ સામે આવી છે. વર્ષ ૧૯૯૬માં ફાળવાયેલા સરકારી પ્લોટના રેકોર્ડમાં ચેડાં કરી ફરિયાદીના નામને દૂર કરીને અન્ય વ્યકિતનું નામ દાખલ કરાયું હોવાના આક્ષેપ સાથે ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાતા સમગ્ર વિસ્તારમાં ચર્ચા જાગી છે.

પોલીસ ફરિયાદ અનુસાર ધોકડવા ગામના રહેવાસી મગનભાઈ મુળુભાઈ ઢોલા, તે સમયના તત્કાલીન તલાટી કમ મંત્રી તથા તપાસ દરમિયાન સામે આવતા અન્ય જવાબદારો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદી રેખાબેન વીરાજીભાઈ વાઘેલા (ઉં. ૭૫), રહેવાસી ધોકડવા ગામે પોલીસને જણાવ્યું છે કે વર્ષ ૧૯૯૬માં ધોકડવા ગામના સર્વે નં. ૧૧૭માં આવેલા નવા ગામતળમાં તેમને ૧૪૩.૨૯ ચોરસ મીટરનો પ્લોટ ફાળવવામાં આવ્યો હતો. આ ફાળવણી ગામ નમૂના નં. ૨ની નોંધ નં. ૮૬૪ તથા તાલુકા નોંધ નં.૮૬૦માં નોંધાયેલી હતી. બાદમાં પરિવારિક સંજોગોને કારણે તેઓ કેટલાક વર્ષો માટે વતન સિદ્ધપુર ખાતે રહેવા ગયા હતા.

વર્ષ ૨૦૨૪ દરમિયાન તેઓ પોતાના પ્લોટ પર પહોંચ્યા ત્યારે ત્યાં ગીતાબેન રાજુભાઈ વાઢેર દ્વારા બાંધકામ ચાલી રહ્યું હોવાનું જોવા મળ્યું હતું.

વિરોધ કરતાં ગીતાબેને આ પ્લોટ મગનભાઈ મુળુભાઈ ઢોલા પાસેથી ખરીદ્યો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ફરિયાદી તલાટી કમ મંત્રી પાસે પહોંચ્યા ત્યારે પણ પ્લોટ મગનભાઈના નામે હોવાનું જણાવાયું હતું.

આ ઘટનાથી શંકા જતાં ફરિયાદી તથા તેમના પરિવારજનોએ જૂના સરકારી રેકોર્ડ અને ગામ નમૂના નં. ૨ની નકલો મેળવતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

ફરિયાદ મુજબ, મૂળ નોંધમાં ફરિયાદીના નામ પર ચેકો મારી મગનભાઈ મુળુભાઈ ઢોલાનું નામ દાખલ કરવામાં આવ્યું હતું અને બાદમાં પ્લોટ ગીતાબેન રાજુભાઈ વાઢેરના નામે દર્શાવવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયા ફરિયાદીની જાણ બહાર કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે સરકારી રેકોર્ડમાં કથિત ખોટી નોંધો કરીને પ્લોટની માલિકી બદલવામાં આવી અને ત્યારબાદ ખોટા દસ્તાવેજોના આધારે વેચાણ કરવામાં આવ્યું. આ મામલે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ પોતાનો પ્લોટ પરત અપાવવાની માંગણી ફરિયાદીએ કરી છે.

ગીર ગઢડા પોલીસે ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૩૬(૨), ૩૩૮, ૩૩૬(૩), ૩૪૦(૨), ૩૩૭, ૨૦૧ સહિતની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન તે સમયના સરકારી રેકોર્ડ, ગામ નમૂના, દસ્તાવેજી પુરાવા અને સંબંધિત અધિકારીઓની ભૂમિકા અંગે પણ તપાસ કરવામાં આવશે. સમગ્ર મામલાની સત્યતા હવે પોલીસ તપાસ બાદ સ્પષ્ટ થશે.

---

### આગામી કલાકોમાં હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને

## જાફરાબાદ : દરિયો તોફાની બનવાની શકયતાઓ બંદરે ૩ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું

**માચ્છીમારોને કોઈપણ સંજોગોમાં દરિયો ન ખેડવા સુચના**





જાફરાબાદ, તા. ૨૧

અરબી સમુદ્રમાં હવામાનની સ્થિતિ બગડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને જાફરાબાદ બંદર પર સત્તાવાળાઓ દ્વારા ત્રણ નંબરનું સ્થાનિક ચેતવણી સિગ્નલ ફરકાવવામાં આવ્યું છે. આગામી કલાકોમાં દરિયો વધુ તોફાની બનવાની શકયતા વ્યકત કરવામાં આવતા માચ્છીમારોને દરિયો નહીં ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે.

બંદર તંત્ર અને હવામાન વિભાગ દ્વારા માચ્છીમારોને ખાસ અપીલ કરવામાં આવી છે કે તેઓ હાલ કોઈપણ પ્રકારનું માચ્છીમારી માટેનું વહાણ દરિયામાં ન ઉતારે તેમજ જે બોટો બંદરે છે તેને સુરક્ષિત રીતે બાંધી રાખે. દરિયામાં ઊંચા મોજાં, તેજ પવન અને ખરાબ હવામાનને કારણે જાનમાલનું નુકસાન થવાની શકયતા હોવાથી સાવચેતી રાખવા જણાવાયું છે.

સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પણ માચ્છીમારોને સતત હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવા અને અફવાઓથી દૂર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને હવામાનમાં સુધારો ન થાય ત્યાં સુધી માચ્છીમારોને દરિયો ન ખેડવા સલાહ આપવામાં આવી છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને પણ સતર્ક રહેવા અને જરૂરી હોય ત્યારે તંત્રના માર્ગદર્શનનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે.

---

## બાબરા ખાતે રકતદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરા ઈસ્માઈલી સિવિક, આગાખાન યુથ એન્ડ સ્પોર્ટ્સ બોર્ડ તેમજ આગાખાન હેલ્થ બોર્ડના સહયોગથી સધન સૌરાષ્ટ્રના ૧૬ સેન્ટરોમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું., તેના અંતર્ગત બાબરામાં પણ આજરોજ એક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એ કેમ્પમાં ૧૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ કેમ્પ માટે જીવનદીપ બ્લડબેંક સાથે ભાગીદારી કરી હતી.

ઈસ્માઈલી સમુદાય દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં તમામ રકતદાતાઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાબરાના વિવિધ પત્રકારોએ રકતદાન શિબિરમાં ઉપસ્થિત રહી રકતદાન કરી આ સેવાકાર્યને પ્રોત્સાહન આપ્યું હતું. તેમજ બાબરા ગામના વિવિધ સમાજોના આગેવાનો અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક રકતદાન શિબિરમાં જોડાઈ મોટી સંખ્યામાં રકતદાન કરીને માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું હતું.

આગાખાન યુથ એન્ડ સ્પોર્ટ્સ બોર્ડના ચેરમેન સોહીલભાઈ કોટડીયાએ જણાવ્યું હતું કે માત્ર ઈસ્માઈલીઓ જ નહિ પરંતુ અન્ય સમાજના લોકોએ પણ ઉત્સાહભેર રકતદાન કર્યું એ માટે આપનો ખુબ ખુબ આભાર. જીવન દીપ બ્લડ બેંકના તમામ સ્ટાફ તેમજ તમામ સેવાભાવીઓનો ખુબ ખુબ આભાર માનીએ છે જેમના સહયોગ વગર આ કેમ્પ શકય ના બન્યો હોત. ઈસ્માઈલી સિવિકની પહેલનું પરિણામ ત્યારે વધુ વધી જાય છે જયારે આપણે બધા સાથે મળીને કામ કરીએ છીએ.

---

### કોંગ્રેસનાં પ્રવકતા ડો. હિરેન બેન્કરનું નિવેદન

## ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૦૯૬ જેટલા કારખાનાનાં કામદારોનાં મોત

**ભાજપ સરકારનાં વિકાસની પોલ ખુલ્લી પડી**

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદના વસ્ત્રાલના રામોલ–ગતરાડ નજીક ગેરકાયદે ધમધમતી ફટાકડાની ફેકટરીમાં થયેલા બ્લાસ્ટની ઘટનામાં મોતનો આંકડો દસ સુધી પહોંચી ગયો છે. કામના સ્થળ પર શ્રમિકોના મોતના મામલે સંસદમાં રજુ કરેલા આંકડાનાં આધારે ભાજપ સરકારની નિષ્ફળતા ઉજાગર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડો. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં કારખાનાનાં કામદારોના મોતમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપના સ્થાને છે. જે ગંભીર ચિંતાનો વિષય છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૦ થી લઈને ૨૦૨૪ સુધીમાં ૧૦૯૬ કરતાં પણ વધુ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. રાજયમાં વર્ષ ૨૦૨૦માં ૨૧૨, વર્ષ ૨૦૨૧માં ૨૩૫, વર્ષ ૨૦૨૨માં ૨૪૦માં, વર્ષ ૨૦૨૩માં ૨૨૧ અને વર્ષ ૨૦૨૪માં ૧૮૮ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. કામદારોના ભોગે ઊભું થયેલું ''વિકાસ મોડલ'' કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. ઔદ્યોગિક રીતે અગ્રણી ગણાતા મહારાષ્ટ્ર કરતાં પણ ગુજરાતમાં આ પાંચ વર્ષોમાં ૨૩૭ વધુ કામદારોના મોત થયા છે.

દેશભરમાં પાંચ વર્ષમાં કુલ ૫૩૫૮ કામદારોના મોત નોંધાયા છે, જેમાંથી લગભગ ૨૦% મોત એકલા ગુજરાતમાં થાય છે એટલે કે દેશમાં દર ૫ માંથી ૧ મોત થાય છે. દેશમાં વર્ષ ૨૦૨૦માં ૧૦૫૦, વર્ષ ૨૦૨૧માં ૯૮૮, વર્ષ ૨૦૨૨માં ૧૦૬૨, વર્ષ ૨૦૨૩માં ૧૧૨૭, વર્ષ ૨૦૨૪માં ૧૧૩૧ જેટલા કામદારોના મોત નોંધાયા છે. નાના અને મધ્યમ ઉદ્યોગોમાં કામદારોને પુરતું વેતન ન મળે. ૯ કલાકની જગ્યાએ ૧૨–૧૨ કલાક કામ કરાવવાની કારખાના માલિકોને કાયદેસર છૂટ આપવામાં આવી. કામદારોનું મોટાપાયે શોષણ થાય છે અને તેમને મળવા પાત્ર સુરક્ષા પણ આપવામાં આવતી નથી. ભાજપ સરકારના શાસનમાં કામદાર સલામતીની સ્થિતિ સુધરવાને બદલે વધુ કથળી છે. દરેક ઘટના પછી તપાસનાં નામે માત્ર નાટક થાય પરંતુ જવાબદાર કોણ એ તંત્ર નક્કી કરી શકયું નથી. વારંવાર બનતી દુર્ઘટનાઓમાં નિર્દોષ લોકો મોતને ભેટે છે અને ભાજપ સરકાર માત્ર ચલક–ચલાણું રમી રહી છે. માનવ જીંદગી સાથે ચેડાં કરનાર જોખમમાં મુકનાર માલિકો/કોન્ટ્રાકટરો, તમામ ગેરકાયદેસર ફેકટરીઓ–કારખાનાઓ પર કડક પગલા ભરવામાં આવે, અમદાવાદ સહીત વિવિધ જગ્યાઓ થયેલી દુર્ઘટનાઓમાં તંત્રની બેદરકારી સામે પગલા ભરવામાં આવે. હાઈ–રિસ્ક ઔદ્યોગિક ઝોનમાં ફરજિયાત નોંધણી અને વીમા કવચ આપવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

---

### આદ આદમી પાર્ટીનાં મહામંત્રીની અરજીનાં આધારે તપાસ થતા

## લીલીયા મોટા : ગેસ એજન્સીમાં એકસપાયરી ગેસ સિલિન્ડર મળી આવતા તપાસ શરૂ

**૧૭ જેટલા સિલિન્ડરને અલગ કરવામાં આવ્યા**



લીલીયા મોટા, તા. ૨૧

લીલીયામોટા ભાટીયા ગેસ એજન્સી પર આમ આદમી પાર્ટીના મહામંત્રી રાજુભાઈગરણીયા ગેસ સિલિન્ડર લેવા ગયા હતા તે દરમિયાન તેમને એકસપાયરી તારીખ ધરાવતો ગેસ સિલિન્ડર મળ્યાનો આક્ષેપ કરતાં તેમણે તાત્કાલિક લીલીયા મામલતદારને લેખિત પત્ર પાઠવ્યો હતો સમગ્ર મામલે યોગ્ય તપાસ કરવાની પત્ર દ્વારા માંગ કરાઈ હતી.

ઈન.મામલતદાર ગોસાઈની આગેવાનીમાં તપાસ દરમિયાન કુલ ૧૭ એકસપાયરી તારીખ ધરાવતા ગેસ સિલિન્ડરો અલગ કાઢવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતુ. ઘટનાને લઈને ગ્રાહકોની સુરક્ષા અંગે ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી આ તકે આમ આદમી પાર્ટીના મહામંત્રી રાજુભાઈ ગરણીયા,લીલીયા તાલુકા આપ પ્રમુખ વિજયભાઈ વિરાણી, અરૂણાબેન પંડયા તેમજ અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.ગ્રાહકોના જીવન સાથે કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં નહીં આવે અને આવી ઘટનાઓ ફરી ન બને તે માટે નિયમિત તપાસ હાથ ધરવી જરૂરી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને લીલીયા તંત્ર દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારે રેતી ચોરી બાબતે કર્યુ ટિવટ્

# હાથ જોડીને બેસી રહીને કયાં સુધી અન્યાયનો ભોગ બનતા રહેશું ?

**અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર રીતે રેતી ચોરી હવે સમાચારનો વિષય નથી કારણ કે તે રોજબરોજની ઘટના છે**

**નદીઓનાં પટ્ટને અને પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છે અને સરકાર કરોડો રૂપિયાની રોયલ્ટી ગુમાવે છે**

**સામાન્ય નાગરિકોને રેતી માટે અસહ્ય અને મનફાવે તેવા ભાવ ચુકવવા પડી રહ્યા છે**

**જયારે ગુનો રોકવાની જવાબદારી જેમનાં ખભા પર હોય તેઓ જ આંખ આડા કાન કરે ત્યારે સમાજે આગળ આવવું પડે**

અમરેલી, તા. ૨૧


અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારે સરંભડા ગામે થતી ચોરી મામલે ગ્રામજનોએ સામૂહિકરૂપે એકત્ર થઈને રેતી ખનન સામે રોષ વ્યકત કર્યો તેનું અનુકરણ જે ગામ નજીકથી રેતી ચોરી થતી હોય તેનાં ગ્રામજનો કરે તેવું સુચન સોશ્યલ મીડિયાનાં માધ્યમથી કરેલ છે.



તેઓએ કરેલ ટિવટમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં ગેરકાયદે રેતી ચોરી હવે સમાચારનો વિષય નથી રહ્યો કેમ કે તે રોજબરોજ બનતી ઘટના છે. આના ગંભીર પરિણામો સ્પષ્ટ છે.

નદીઓનાં પટ્ટને અને પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છે., સરકાર કરોડો રૂપિયાની રોયલ્ટીની આવક ગુમાવી રહી છે., સામાન્ય નાગરિકોને રેતી માટે અસહ્ય અને મનફાવે તેવા ભાવ ચુકવવા પડી રહ્યા છે.

આવી નિરાશાજનક પરિસ્થિતિમાં સરંભડા ગામના લોકોએ પોતાના ગામમાંથી થતાં ગેરકાયદે રેતી ખનનનો સામનો કરવાનો સંકલ્પ કરીને




સમગ્ર જિલ્લાનાં લોકોને પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂ પાડયું છે.

જો ગેરકાયદે રેતી ખનનનો ભોગ બનતા અન્ય ગામોના લોકો પણ સરંભડાના માર્ગે ચાલવાનો નિર્ધાર કરે તો આ દુષણને અટકાવી શકાય. જયારે ગુનો રોકવાની જવાબદારી જેમના ખભા પર હોય તેઓ જ આંખ આડા કાના કરે, ત્યારે સમાજે જ આગળ આવવું પડે.

હાથ જોડીને બેસી રહીને કયાં સુધી અન્યાયનો ભોગ બનતા રહેશું ?

## ખાંભા પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા વાર્ષિક ઇન્સ્પેકશન યોજાયું

ખાંભા, તા. ૨૧

આ પ્રસંગે ધારી વિભાગના એ.એસ.પી. જયવીર ગઢવી, ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.વી. ચુડાસમા સહિત પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. ઈન્સ્પેકશન દરમિયાન જિલ્લા પોલીસ વડાનું પોલીસ સ્ટેશન ખાતે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એસ.પી. સંજય ખરાતે પોલીસ સ્ટેશનમાં આવનાર અરજદારોની રજૂઆતો સાંભળી હતી. અરજદારો દ્વારા ખાંભા પોલીસની કામગીરી, સમયસર મળતા પ્રતિસાદ અને સહકારની પ્રશંસા કરવામાં આવી હતી.



તસ્વીર : રાજુ વાળા–ખાંભા

એસ.પી. સંજય ખરાતે ખાંભા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિવિધ ગુનાઓની ફાઈલો, તપાસની પ્રગતિ તેમજ પોલીસ સ્ટેશનના વહીવટી અને રેકોર્ડ સંબંધિત કામગીરીની વિગતવાર સમીક્ષા કરી હતી. સાથે જ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને કાયદો અને વ્યવસ્થાની કામગીરી વધુ અસરકારક રીતે નિભાવવાની તેમજ જનતાને ઝડપી અને ગુણવત્તાસભર સેવા આપવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

### તાલુકા પંચાયતના સદસ્યા સોનલબેન દ્વારા

## બાબરા : કરિયાણા ગામની પ્રાથમિક શાળાને નવું ભવન ફાળવવા રજુઆત

**રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવી કરી રજુઆત**

બાબરા, તા. ૨૧



બાબરા તાલુકાના કરીયાણા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આધુનિક અને સુરક્ષિત શિક્ષણનું વાતાવરણ મળી રહે તે માટે તાલુકા પંચાયતના સભ્ય સોનલબેન વિપુલભાઈ કાચેલા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે કરીયાણા ગામની પ્રાથમિક શાળામાં હાલ વિદ્યાર્થીઓની સંખ્યાની સરખામણીએ ઉપલબ્ધ શાળા ભવન પૂરતી સુવિધાઓ ધરાવતું નથી. પરિણામે વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જર્જરિત અને મર્યાદિત સુવિધાઓ વચ્ચે શિક્ષણ કાર્ય અસરગ્રસ્ત બનતું હોવાથી નવા શાળા ભવનની તાત્કાલિક જરૂરિયાત ઉભી થઈ છે.

સોનલબેન કાચેલાએ મુખ્યમંત્રીને રજૂઆતમાં જણાવ્યું છે કે નવા શાળા ભવનના નિર્માણથી વિદ્યાર્થીઓને વિશાળ વર્ગખંડો, ગુણવત્તાસભર શૈક્ષણિક વાતાવરણ તેમજ જરૂરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થશે, જેના કારણે શિક્ષણની ગુણવત્તામાં પણ વધારો થશે.
આ ઉપરાંત તેમણે સંબંધિત વિભાગ દ્વારા સ્થળ નિરીક્ષણ કરાવી કરીયાણા ગામની પ્રાથમિક શાળા માટે નવા ભવનને વહેલી તકે મંજૂરી આપી જરૂરી કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી છે.

તાલુકા પંચાયત સભ્ય સોનલબેન કાચેલાની આ રજૂઆતને ગામના વાલીઓ અને ગ્રામજનોએ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે સમયોચિત અને આવકારદાયક પગલું ગણાવી સરકાર વહેલી તકે હકારાત્મક નિર્ણય લે તેવી આશા વ્યક્ત કરી છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
માસિક ફી રૂા. ૧૨૫૦/–
ઓજસ કલાસીસ–અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સૌથી સસ્તું મોટરસાયકલ
દરેક પરિવારની પહેલી પસંદ
SHINE 100 DX




પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨




હમરાજ ગાઠીયા હાઉસ
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી
તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે
૧ કિલોનો ભાવ
માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, ક્રિષ્ના ડાઇનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક
ભાણાભાઇ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪












### NEET પેપર લીક મુદ્દે સંસદમાં ગરમાયો રાજકીય માહોલ

# વડાપ્રધાન મોદીનું આશ્વાસન : ભવિષ્યમાં પેપર લીક રોકવા ફૂલ-પ્રૂફ સિસ્ટમ બનાવાશે

**કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ સંસદમાં સરકારનો પક્ષ રજૂ કર્યો; ૧૩ આરોપીઓની ધરપકડ બાદ પરીક્ષા ફરી યોજાઈ**

નવી દિલ્હી,તા.૨૧

સંસદના ચોમાસુ સત્રની શરૂઆત સાથે જ NEET પેપર લીક કેસ ફરી એકવાર રાજકીય ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષે આ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે સરકાર તરફથી કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ સ્પષ્ટતા કરી કે પેપર લીકની માહિતી મળતા જ કેન્દ્ર સરકારે તાત્કાલિક અને કડક પગલાં લીધા હતા. તેમણે જણાવ્યું કે તપાસ દરમિયાન સંડોવાયેલા ૧૩ આરોપીઓની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલવામાં આવ્યા છે.

કિરેન રિજિજૂએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓના ભવિષ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની વાત કરી છે. તેમના જણાવ્યા અનુસાર, પરીક્ષા પ્રક્રિયામાં થયેલી ગેરરીતિ સામે સરકારે કોઈપણ પ્રકારની ઢીલ દાખવી નથી.વિદ્યાર્થીઓને નુકસાન ન થાય તે માટે ટૂંકા સમયમાં ફરીથી પરીક્ષા યોજાઈ અને તેના પરિણામો પણ જાહેર કરવામાં આવ્યા હતા.

સરકારે ભવિષ્યમાં આવી કોઈપણ ઘટના ફરી ન બને તે માટે પરીક્ષા વ્યવસ્થામાં વ્યાપક સુધારા કરવાની દિશામાં કામગીરી શરૂ કરી હોવાનું પણ જણાવાયું. વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક કહ્યું કે દેશની પરીક્ષા પ્રણાલીને વધુ પારદર્શક, સુરક્ષિત અને વિશ્વસનીય બનાવવા માટે સંપૂર્ણ "ફૂલ-પ્રૂફ સિસ્ટમ" વિકસાવવામાં આવશે. સાથે જ પેપર લીક જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા લોકો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરીને તેમને ઉદાહરણરૂપ સજા આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે સરકારનો મુખ્ય ઉદ્દેશ લાખો વિદ્યાર્થીઓના વિશ્વાસને મજબૂત બનાવવાનો છે. પરીક્ષા પ્રણાલી પર લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે ટેક્નોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થા, મજબૂત મોનિટરિંગ અને જવાબદારી નક્કી કરવાની પ્રક્રિયા વધુ અસરકારક બનાવવામાં આવશે.

ચોમાસુ સત્રના સંદર્ભમાં રિજિજૂએ જણાવ્યું કે સરકાર દેશના હિત સાથે જોડાયેલા મહત્વપૂર્ણ કાયદા અને વિધેયકોને સંસદમાં આગળ વધારવા પ્રતિબદ્ધ છે. તેમણે વિપક્ષને પણ અપીલ કરી કે રાજકીય મતભેદો હોવા છતાં વિદ્યાર્થીઓના ભવિષ્ય અને દેશના હિત જેવા મુદ્દાઓ પર સૌએ એકસાથે કામ કરવું જોઈએ.

NEET પેપર લીક કેસે દેશભરના લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોમાં ચિંતા ઊભી કરી હતી.

સરકારનું કહેવું છે કે આ ઘટનામાંથી પાઠ લઈને ભવિષ્યમાં પરીક્ષા વ્યવસ્થાને વધુ સુરક્ષિત બનાવવામાં આવશે, જેથી કોઈપણ વિદ્યાર્થીના પરિશ્રમ અને ભવિષ્ય સાથે ફરી ક્યારેય અન્યાય ન થાય.

### જંતર-મંતર પર વિરોધ યથાવત, દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક

# જંતર-મંતર સહિત સંવેદનશીલ વિસ્તારોમાં ભારે પોલીસ બંદોબસ્ત

**શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ યથાવત; પોલીસે હિંસાના કેસમાં તપાસ તેજ કરી, અનેક વિસ્તારોમાં બેરિકેડિંગ**

નવી દિલ્હી,તા.૨૧

દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને લઈને મંગળવારે પણ તણાવપૂર્ણ સ્થિતિ યથાવત રહી હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા આંદોલનને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે રાજધાનીના અનેક સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવી છે. જંતર-મંતર, કનોટ પ્લેસ અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં પોલીસ તથા અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.સોમવારે વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. આ દરમિયાન અનેક વિદ્યાર્થીઓ અને કેટલાક પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે રાત્રે જંતર-મંતર વિસ્તાર ખાલી કરાવ્યો હતો. ત્યારબાદ કેટલાક આગેવાનો અન્ય સ્થળે ધરણા પર બેઠા હતા અને તેમની માંગણીઓ યથાવત રાખી હતી.વિરોધ પ્રદર્શનના કારણે સોમવારે રાજીવ ચોક, જનપથ, પટેલ ચોક, કેન્દ્રીય સચિવાલય અને અન્ય કેટલાક મેટ્રો સ્ટેશનોને થોડા સમય માટે બંધ રાખવામાં આવ્યા હતા. જેના કારણે હજારો મુસાફરોને અવરજવર દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. મેટ્રો સેવા બાદમાં તબક્કાવાર સામાન્ય કરવામાં આવી હતી.વિદ્યાર્થીઓની મુખ્ય માંગ કેન્દ્રીય શિક્ષણ મંત્રીને પદ પરથી હટાવવાની અને પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શક સુધારા લાવવાની છે. વિરોધ પ્રદર્શન દરમિયાન વિવિધ રાજકીય પક્ષોના કેટલાક નેતાઓએ પણ વિદ્યાર્થીઓને સમર્થન આપ્યું હતું અને તેમની માંગણીઓ પર સરકાર દ્વારા ચર્ચા કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.દિલ્હી પોલીસે જણાવ્યું છે કે કનોટ પ્લેસ નજીક થયેલી હિંસા, પથ્થરમારો અને જાહેર સંપત્તિને થયેલા નુકસાનના કેસમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. સીસીટીવી ફૂટેજ, વીડિયો રેકોર્ડિંગ અને અન્ય ડિજિટલ પુરાવાઓના આધારે ઘટનામાં સંડોવાયેલા લોકોની ઓળખ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે કાયદો હાથમાં લેનાર કોઈપણ વ્યક્તિ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.રાજધાનીના નવી દિલ્હી, ઉત્તર, દક્ષિણ, દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ જિલ્લાઓ સહિત અનેક વિસ્તારોમાં વધારાનું બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. મુખ્ય માર્ગો પર વાહનોનું ચેકિંગ વધારવામાં આવ્યું છે અને સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. સરકારી કચેરીઓ, મહત્વપૂર્ણ સંસ્થાઓ અને સંભવિત વિરોધ સ્થળોની આસપાસ પણ સુરક્ષા વધુ સઘન બનાવવામાં આવી છે.દિલ્હી પોલીસનું કહેવું છે કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને શાંતિ તથા કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. બીજી તરફ, વિદ્યાર્થીઓએ પોતાની માંગણીઓ પર સરકાર સાથે અર્થપૂર્ણ ચર્ચા થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

### મોંઘવારીનો નવો ખતરો!

# ભારતનું ક્રૂડ ઓઈલ આયાત બિલ ૬૧% વધ્યું, ૪૯.૮ અબજ ડોલરે પહોંચ્યું

**તેલના ઊંચા ભાવથી અર્થતંત્ર પર દબાણ વધવાની શક્યતા, પેટ્રોલ-ડીઝલ સહિતની કિંમતો પર અસરનો ભય**

નવી દિલ્હી,તા.૨૧

ભારતના કાચા તેલના આયાત બિલમાં મોટો વધારો નોંધાયો છે. એપ્રિલથી જૂન ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનું ક્રૂડ ઓઈલ આયાત બિલ ૬૧ ટકા વધીને ૪૯.૮ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે. જોકે, આ સમયગાળા દરમિયાન ભારતે ગયા વર્ષની સરખામણીએ કાચા તેલની ઓછી આયાત કરી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના વધેલા ભાવને કારણે આયાત ખર્ચમાં ભારે વધારો થયો છે.

પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC)ના આંકડા મુજબ, એપ્રિલ-જૂન દરમિયાન ભારતે કુલ ૫૯.૮ મિલિયન ટન કાચું તેલ આયાત કર્યું હતું. ગયા વર્ષે આ જ સમયગાળામાં ૬૨.૬ મિલિયન ટન આયાત કરવામાં આવ્યું હતું. એટલે કે આયાતના જથ્થામાં લગભગ ૪ ટકાનો ઘટાડો થયો હોવા છતાં, ઊંચી કિંમતોને કારણે કુલ આયાત બિલમાં મોટો ઉછાળો આવ્યો છે.જૂન મહિનામાં ભારતે ૧૮.૯ મિલિયન ટન કાચું તેલ આયાત કર્યું હતું, જે ગયા વર્ષના જૂન કરતાં લગભગ ૭ ટકા ઓછું હતું. તેમ છતાં, જૂન મહિનાનું આયાત બિલ ૪૮ ટકા વધીને ૧૪.૭ અબજ ડોલર થયું છે. આ આંકડા દર્શાવે છે કે વૈશ્વિક બજારમાં વધેલા ક્રૂડ ઓઈલના ભાવની સીધી અસર ભારતના ખર્ચ પર પડી રહી છે.નિષ્ણાતોના જણાવ્યા મુજબ, અમેરિકા અને ઈરાન વચ્ચેના વધેલા તણાવ તથા હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી અનિશ્ચિતતાના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી જોવા મળી હતી. એપ્રિલ અને મે મહિનામાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ઘણી વખત પ્રતિ બેરલ ૧૦૦ ડોલરથી ઉપર ગયા હતા.

એપ્રિલ મહિનામાં યુદ્ધવિરામની શક્યતાઓ વચ્ચે ક્રૂડના ભાવમાં ઘટાડો થયો હતો, પરંતુ ત્યારબાદ તણાવ વધતા ભાવ ફરી ઝડપથી વધ્યા હતા. મે મહિનામાં પણ ભાવ ઊંચા સ્તરે રહ્યા હતા. જૂનમાં ભાવ થોડા ઘટ્યા હોવા છતાં સમગ્ર ત્રિમાસિક ગાળાની અસર ભારતના આયાત ખર્ચ પર જોવા મળી છે.ભારત પોતાની કુલ જરૂરિયાતના ૮૫ ટકાથી વધુ કાચા તેલ માટે આયાત પર આધાર રાખે છે. તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધવાથી દેશના આયાત બિલ, ચાલુ ખાતાની ખાધ અને મોંઘવારી પર સીધી અસર થઈ શકે છે.

જો ક્રૂડ ઓઈલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહેશે તો પેટ્રોલ-ડીઝલના ભાવ સહિત પરિવહન અને અન્ય ક્ષેત્રોના ખર્ચમાં વધારો થઈ શકે છે. આ સ્થિતિમાં સામાન્ય ગ્રાહકો પર મોંઘવારીનો વધારાનો બોજ પડવાની શક્યતા છે.

ભારત દર વર્ષે મોટી માત્રામાં કાચું તેલ આયાત કરે છે. નિષ્ણાતોના મતે, ક્રૂડ ઓઈલના ભાવમાં પ્રતિ બેરલ માત્ર ૧ ડોલરના વધારાથી પણ દેશના આયાત ખર્ચમાં અબજો ડોલરનો વધારો થઈ શકે છે. હાલ વૈશ્વિક બજારની સ્થિતિ પર ભારતની અર્થવ્યવસ્થા અને મોંઘવારીના દરની નજર ટકેલી છે.

### પૈતૃક મિલકત પર મોટો ચુકાદો

# દાદા કે પિતા પાસેથી મળેલી દરેક મિલકત પર બાળકોનો જન્મસિદ્ધ અધિકાર નથી

**કર્ણાટક હાઈકોર્ટની સ્પષ્ટતાઃ સ્વ-ઉપાર્જિત મિલકત પર માલિકનો સંપૂર્ણ અધિકાર, વારસાગત હક કાયદાની જોગવાઈઓ મુજબ જ મળશે**

બેંગલુરુ,તા.૨૧

મિલકતના વિભાજન અને વારસાહકને લઈને કર્ણાટક હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે પિતા કે દાદા પાસેથી વારસામાં મળેલી દરેક મિલકત આપમેળે પૈતૃક બની જતી નથી. તેથી, આવી મિલકત પર બાળકોને જન્મથી જ વારસાહક મળતો નથી. હાઈકોર્ટના જણાવ્યા અનુસાર, મિતાક્ષર હિન્દુ કાયદા હેઠળ મિલકતની કાનૂની સ્થિતિ તે મૂળ કઈ રીતે પ્રાપ્ત કરવામાં આવી હતી તેના આધારે નક્કી થાય છે, માત્ર પેઢી દર પેઢી ટ્રાન્સફર થવાથી કોઈ મિલકત પૈતૃક બનતી નથી.એક પુત્રીએ તેના પિતાને તેના દાદા પાસેથી મળેલી મિલકતમાં પોતાના જન્મસિદ્ધ અધિકારના આધારે હિસ્સો માંગ્યો હતો. જોકે, હાઈકોર્ટની સમીક્ષામાં સામે આવ્યું કે આ મિલકત મૂળ દાદાની પોતાની કમાણીથી ખરીદેલી (સ્વ-ઉપાર્જિત) હતી. કૌટુંબિક સમાધાન પછી પણ તે પિતાની અલગ કે વ્યક્તિગત મિલકત જ રહી. પરિણામે, કોર્ટે ચુકાદો આપ્યો કે પુત્રી પોતાના જન્મસિદ્ધ અધિકારના જોરે આ મિલકતના વિભાજનનો દાવો કરી શકે નહીં.હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે જો કોઈ વ્યક્તિ પોતાની કમાણીથી મિલકત ખરીદે છે અને ત્યારબાદ તે તેના પુત્રને આપે છે, તો તે પૈતૃક મિલકત ગણાશે નહીં. આવી સ્વ-અર્જિત મિલકતમાં પૌત્ર-પૌત્રીઓ કે બાળકોનો કોઈ જન્મસિદ્ધ અધિકાર રહેતો નથી. મિલકતનો મૂળ માલિક તેને પોતાની ઈચ્છા મુજબ વેચી શકે છે, ભેટ (Gift) આપી શકે છે અથવા વસિયતનામા (Will) દ્વારા કોઈપણ વ્યક્તિને આપી શકે છે. માલિકના આ નિર્ણયને બાળકો કોર્ટમાં પડકારી શકતા નથી.

આ ચુકાદો હિન્દુ ઉત્તરાધિકાર કાયદામાં ચાલતી ઘણી ગેરસમજો દૂર કરે છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વડીલો પાસેથી મળેલી તમામ મિલકત પૈતૃક હોય છે, પરંતુ મિતાક્ષર કાયદા મુજબ જન્મસિદ્ધ અધિકાર માત્ર સહ-અધિકૃત કે પૂર્વજોની મૂળ પૈતૃક મિલકતમાં જ મળે છે. કાનૂની નિષ્ણાતોના મતે આ નિર્ણયથી વારસાઈ વિવાદો, સંપત્તિનું પ્લાનિંગ અને ફેમિલી સેટલમેન્ટના કેસોમાં મોટી સ્પષ્ટતા આવશે.હાઈકોર્ટના આ ચુકાદાનો અર્થ એવો બિલકુલ નથી કે બાળકો પિતાની મિલકત પરનો અધિકાર સંપૂર્ણપણે ગુમાવી દેશે. જો પિતા કોઈપણ વસિયતનામું બનાવ્યા વગર મૃત્યુ પામે છે, તો કાયદાકીય વારસદાર તરીકે બાળકોને તે મિલકતમાં નિયમ મુજબ હિસ્સો મળશે. પરંતુ જો પિતા પોતાની સ્વ-ઉપાર્જિત મિલકત જીવતેજીવ કોઈ અન્ય વ્યક્તિના નામે કરી દે કે વસિયતનામું લખી દે, તો બાળકો બળજબરીથી તેનો દાવો કરી શકશે નહીં.

### જમ્મુ-કાશ્મીરમાં આકાશી આફત

# બે દિવસમાં ૨૪નાં મોત, અમરનાથ અને વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત

**ભૂસ્ખલન અને પૂરે અનેક વિસ્તારોમાં સર્જી તબાહી; ૪૮ કલાક માટે ભારે વરસાદનું એલર્ટ, મૃતકોના પરિવારને ૬ લાખ સહાય**

શ્રીનગર,તા.૨૧

જમ્મુ-કાશ્મીરમાં સતત બીજા દિવસે પણ ભારે વરસાદ, ભૂસ્ખલન અને પૂર જેવી કુદરતી આફતોએ ભારે વિનાશ સર્જ્યો છે. છેલ્લા બે દિવસ દરમિયાન વિવિધ હવામાન સંબંધિત દુર્ઘટનાઓમાં કુલ ૨૪ લોકોનાં મોત થયા છે, જ્યારે છ લોકો હજુ પણ લાપતા હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. સૌથી વધુ અસર પૂંછ અને રાજૌરી જિલ્લાઓમાં જોવા મળી છે, જ્યાં અનેક મકાનો ધરાશાયી થયા છે અને રસ્તાઓને ભારે નુકસાન પહોંચ્યું છે.પૂંછ જિલ્લાના સુરનકોટ વિસ્તારના લોરન ગામમાં સૌથી કરૂણ ઘટના બની હતી. પહાડ પરથી ભારે કાદવ અને મલબો એક કાચા મકાન પર ધસી પડતાં એક જ પરિવારના સાત સભ્યોનાં મોત થયા હતા. મૃતકોમાં ચાર મહિલાઓનો પણ સમાવેશ થાય છે. બચાવ દળોએ સ્થળ પર પહોંચી રાહત અને શોધખોળની કામગીરી શરૂ કરી હતી, પરંતુ ખરાબ હવામાનના કારણે કામગીરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારે વરસાદને કારણે અમરનાથ યાત્રા, માતા વૈષ્ણોદેવી યાત્રા, શિવખોડી અને અન્ય ધાર્મિક યાત્રાઓને સુરક્ષાના કારણોસર તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવી છે. કટરા ખાતે હજારો શ્રદ્ધાળુઓ યાત્રા ફરી શરૂ થવાની રાહ જોઈ રહ્યા છે. વૈષ્ણોદેવી માર્ગ પર અનેક સ્થળોએ પથ્થરો પડવાની અને ભૂસ્ખલનની ઘટનાઓ નોંધાઈ છે. શ્રાઈન બોર્ડ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ માર્ગોને સુરક્ષિત બનાવવા સતત કામગીરી કરી રહ્યા છે.રાજૌરી અને પૂંછ જિલ્લામાં થયેલી દુર્ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૨૧ લોકોનાં મોત નોંધાયા છે. તવી અને ચિનાબ સહિતની મુખ્ય નદીઓ અને અનેક નાળાઓ જોખમી સપાટીએ વહી રહ્યા છે. રાજૌરીમાં પૂરગ્રસ્ત મનાવર નદીમાંથી હેલિકોપ્ટરની મદદથી એક મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનોને ૬ લાખની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે. તેમણે અધિકારીઓને રાહત અને બચાવ કામગીરી વધુ ઝડપથી પૂર્ણ કરવા તથા અસરગ્રસ્ત પરિવારોને જરૂરી સહાય પહોંચાડવાના નિર્દેશ આપ્યા છે.ડોડા જિલ્લામાં ભદ્રવાહથી જમ્મુ જતી બસ પર વિશાળ ખડક પડતાં બે મુસાફરોના મોત થયા હતા, જ્યારે ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સતત વરસાદના કારણે અનેક માર્ગો બંધ થઈ ગયા છે અને કેટલાક ગામોનો સંપર્ક તૂટી ગયો છે.ભારતીય હવામાન વિભાગે આગામી ૪૮ કલાક માટે ભારે વરસાદ, ભૂસ્ખલન અને અચાનક પૂરનું એલર્ટ જાહેર કર્યું છે. લોકોને પહાડી વિસ્તારોમાં બિનજરૂરી મુસાફરી ટાળવા અને સ્થાનિક વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. હાલ સમગ્ર વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે.

### ઉત્તર પ્રદેશના કાનપુરની ઘટના

# સરકારી નોકરી નહીં મળતાં બી-ટેક ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થીએ જીવન ટૂંકાવ્યું

કાનપુર, તા.૨૧

બી-ટેક ગોલ્ડ મેડાલિસ્ટ ૨૩ વર્ષીય યુવકે કાનપુર ખાતે પોતાના નિવાસ સ્થાને ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. અનેક પ્રયાસ છતાં સરકારી નોકરી નહીં મળતા યુવકે સોરી પાપા લખેલી સુસાઈડ નોટ મૂકી હતી. કાનપુરની ખાનગી એન્જિનિયરિંગ કોલેજમાં બી ટેક (ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ)ની ડિગ્રી મેળવનારાયુવકે ૨૦૨૪માં ઉત્તર પ્રદેશમાં ત્રીજો રેન્ક મેળવ્યો હતો અને કોલેજ દ્વારા તેને ગોલ્ડ મેડલ એનાયત કરાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ, ગોવિંદ નગર વિસ્તારમાં પોતાના ત્રણ માળના નિવાસ સ્થાને પંખે લટકીને યુવકે જીવન ટૂંકાવ્યું હતું. મૃતક આનંદે રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. પરિવારજનો બહાર ગયા હતા અને તેમના નોકરે વારંવાર દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ જવાબ મળ્યો ન હતો. બૂમાબૂમ વધતાં પડોશીઓ દોડી આવ્યા હતા અને દરવાજો તોડીન અંદર જોતાં આનંદનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. મોટા ભાઈના લગ્ન નક્કી કરવા માટે આનંદના પરિવાજનો બિહાર ગયેલા હતા. પોલીસને આનંદના મૃતદેહ નજીકથી પાંચ લીટીની સુસાઈટ નોટ મળી આવી હતી. જેમાં આનંદે લખ્યુ હતું કે, સોરી પપ્પા... સરકારી નોકરી માટે ૫૦ વખત પ્રયાસ કરેલા છે, પરંતુ સફળતા મળી નથી. મને માફ કરજો. મૃતદેહના પોસ્ટમોર્ટમ બાદ કાનપુરના ભૈરવ ઘાટ ખાતે આનંદની અંતિમ વિધિ કરવામાં આવી હતી. મૃતક આનંદના પિતા રાજકુમાર નિવૃત્ત છે. તેઓ બિહારના બક્સર ખાતે એક ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. રાજકુમારે જણાવ્યું હતું કે, તેમના દીકરાએ ગ્રેજ્યુએશન પછી પાવર ગ્રીડ કોર્પોરેશનમાં એક વર્ષની ઈન્ટર્નશિપ કરી હતી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતો હતો.

### વિદ્યાર્થીઓના સમર્થનમાં દિલજીત દોસાંઝનો અવાજ

# વિદ્યાર્થીઓના વિરોધ પર પોલીસ કાર્યવાહી બાદ મનોરંજન જગતમાં ઉઠ્યો વિરોધનો સૂર

**સોશિયલ મીડિયા પર સરકારને વિદ્યાર્થીઓની વાત સાંભળવાની અપીલ; અનેક અભિનેતાઓએ પણ વ્યક્ત કર્યો સમર્થન**

નવી દિલ્હી,તા.૨૧

દિલ્હીમાં પરીક્ષા પ્રક્રિયામાં કથિત ગેરરીતિ અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારાની માંગ સાથે વિદ્યાર્થીઓ દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહી થયા બાદ મનોરંજન જગતમાં પણ આ મુદ્દે પ્રતિક્રિયાઓનો સિલસિલો શરૂ થયો છે. જાણીતા ગાયક અને અભિનેતા દિલજીત દોસાંઝે સોશિયલ મીડિયા મારફતે વિદ્યાર્થીઓના સમર્થનમાં ખુલ્લેઆમ અવાજ ઉઠાવ્યો છે. તેમણે વિદ્યાર્થીઓ સાથે થયેલા વર્તનને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી સરકારને તેમની માંગણીઓ ગંભીરતાથી સાંભળવાની અપીલ કરી છે.દિલજીત દોસાંઝે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, "વિદ્યાર્થીઓ સાથે જે કંઈ થયું તે યોગ્ય નથી. પોતાની માંગ રજૂ કરવા આવેલા યુવાનો પર આ પ્રકારની કાર્યવાહી થવી ન જોઈએ." તેમણે વધુમાં જણાવ્યું કે સત્યના પક્ષમાં બોલવા બદલ અગાઉ પણ તેમને ટીકા અને વિવિધ આરોપોનો સામનો કરવો પડ્યો હતો અને આ વખતે પણ તેઓને ફરી "દેશદ્રોહી" કહેવામાં આવી શકે છે. તેમ છતાં તેઓ વિદ્યાર્થીઓના હિતમાં અવાજ ઉઠાવતા રહેશે તેવી વાત તેમણે વ્યક્ત કરી હતી.પોસ્ટમાં દિલજીતે અગાઉના ખેડૂત આંદોલનનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ, તે સમય દરમિયાન જાહેરમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યા બાદ તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં તેઓ માને છે કે અન્યાય સામે મૌન રહેવા કરતાં સત્યનો સાથ આપવો વધુ જરૂરી છે.આ મુદ્દે માત્ર દિલજીત જ નહીં, પરંતુ અનેક જાણીતા કલાકારો પણ વિદ્યાર્થીઓના સમર્થનમાં આગળ આવ્યા છે. અભિનેતા રિતેશ દેશમુખ અને અભિનેત્રી જેનિલિયા દેશમુખે જણાવ્યું કે યુવાનોનો અવાજ શાંતિપૂર્ણ રીતે સાંભળવો અને તેમની ચિંતાઓનો ઉકેલ લાવવો લોકશાહી માટે જરૂરી છે. તેમણે સંવાદ દ્વારા સમસ્યાનો ઉકેલ શોધવા પર ભાર મૂક્યો.વરિષ્ઠ અભિનેત્રી શબાના આઝમી અને અભિનેત્રી-નિર્દેશિકા નંદિતા દાસે પણ વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. માહિતી અનુસાર, શબાના આઝમી વિરોધ પ્રદર્શનના સ્થળે પણ પહોંચ્યા હતા, જ્યાં તેમની તબિયત બગડતાં હાજર લોકો અને સુરક્ષાકર્મીઓએ તેમને મદદ કરી હતી.અભિનેત્રી ભૂમિ પેડનેકર, હુમા કુરેશી તેમજ લેખિકા સુતાપા સિકદરે પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને વિદ્યાર્થીઓને સમર્થન આપ્યું હતું. સુતાપા સિકદરે લખ્યું કે આ વિદ્યાર્થીઓ કોઈ વિશેષ સુવિધાવાળા પરિવારોમાંથી નથી, પરંતુ પોતાના ભવિષ્ય અને ન્યાયની આશા સાથે રસ્તા પર ઉતર્યા છે.વિદ્યાર્થીઓના વિરોધ અને તેના પર થયેલી પોલીસ કાર્યવાહી બાદ સમગ્ર ઘટનાએ દેશભરમાં ચર્ચા જગાવી છે. હવે સરકાર આ મુદ્દે શું નિર્ણય લે છે અને વિદ્યાર્થીઓની માંગણીઓ અંગે શું પગલાં ભરે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

### કોકરોચ જનતા પાર્ટીના સમર્થકો એકત્ર થવાની ભીતિ

# ગુજરાત યુનિવર્સિટી સહિતના વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત

**પેપર લીક મુદ્દે રાજ્યમાં વિરોધની અસર અટકાવવા ઇન્ટેલિજન્સ અને પોલીસની કડક નજર**

અમદાવાદ,તા.૨૧

અમદાવાદમાં દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલી રહેલા ફ્રઈઈ પેપર લીક વિરોધી આંદોલનની અસરને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર સતર્ક બની ગયું છે. આંદોલનકારીઓ શહેરમાં એકત્ર થઈ શકે તેવી બાતમી મળતા અમદાવાદ પોલીસ દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ, મોટી સંખ્યામાં સમર્થકો ભેગા થવાની શક્યતાને પગલે શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટી, વિજય ચાર રસ્તા અને કોમર્સ છ રસ્તા જેવા મહત્વના વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા ગોઠવવામાં આવી છે.કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ઝોન-૧ ડીસીપી, એસીપી, પીઆઈ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ઈન્ટેલિજન્સ વિભાગના અધિકારીઓ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. કોઈપણ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે.વિરોધ પ્રદર્શનની અસર ગુજરાતમાં ન ફેલાય તે માટે ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા તમામ જિલ્લા પોલીસ વડાઓને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારો, જાહેર સ્થળો અને ભીડભાડવાળા વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે.દિલ્હીના જંતર-મંતરથી શરૂ થયેલા વિદ્યાર્થી આંદોલનની અસર ગુજરાત સુધી પહોંચી છે.

અમદાવાદ, રાજકોટ અને સુરત સહિતના શહેરોમાં યુવાનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા અને જવાબદારીની માંગ કરી રહ્યા છે.વિદ્યાર્થીઓનું કહેવું છે કે મુદ્દો માત્ર એક પરીક્ષા પૂરતો સીમિત નથી, પરંતુ સમગ્ર ભરતી અને પરીક્ષા પ્રણાલીમાં વિશ્વાસ જળવાઈ રહે તે જરૂરી છે. તેઓ સરકાર પાસે સિસ્ટમમાં સુધારા અને જવાબદારી નક્કી કરવાની માંગ કરી રહ્યા છે.

### ક્રૂડ ઓઈલ ૮૮ ડોલરને પાર

# મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધ! ઈરાનમાં સતત ૧૦માં દિવસે અમેરિકાની એરસ્ટ્રાઈક

**જોર્ડનમાં થયેલા હુમલામાં અમેરિકાના બે સૈનિકો માર્યા ગયા છે અને એક ગુમ થયો છે, જ્યારે ઈરાનના એક ડ્રોન ધમાકામાં વધુ એક સૈનિકનું મોત થયું છે**

વોશિંગ્ટન, તા.૨૧

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ચરમસીમા પર પહોંચી ગયો છે. હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલાવવાના હેતુથી અમેરિકન સેનાએ ઈરાન પર સતત ૧૦મી રાત્રે પણ જોરદાર હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સોશિયલ મીડિયા પર કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું છે કે, ‘જ્યારે પણ ઈરાન કોઈ અમેરિકન સૈનિકની હત્યા કરશે, ત્યારે તેણે તેની ઘણી મોટી કિંમત ચૂકવવી પડશે!’બીજી તરફ ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર, અમેરિકન હુમલામાં અત્યાર સુધીમાં ૫૦થી વધુ લોકોના મોત થયા છે અને ૫૧૭ લોકો ઘાયલ થયા છે, જ્યારે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૭ અમેરિકન સૈનિકોએ જીવ ગુમાવ્યો છે.અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું હતું કે, ‘આ હુમલાઓનો મુખ્ય હેતુ હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યાપારી જહાજો પર હુમલો કરવા માટે વપરાતી ઈરાની સૈન્ય ક્ષમતાઓને નષ્ટ કરવાનો છે. અમેરિકન હવાઈ હુમલામાં ઈરાની મિલિટ્રી કમાન્ડ સેન્ટર્સ, એર ડિફેન્સ, કોસ્ટલ સર્વેલન્સ સાઈટ્સ, મિસાઈલ અને ડ્રોન લોન્ચ સાઈટ્સ તેમજ કમ્યુનિકેશન નેટવર્કને નિશાન બનાવવામાં આવ્યા છે.’ઈરાની સરકારી ન્યૂઝ એજન્સી અનુસાર, તબરીઝ શહેર અને બંદર ઈમામ ખોમેની, સિરિક, જસ્ક, કોનારાક અને ચાબહાર જેવા દરિયાકાંઠાના વિસ્તારો પર મોટા પ્રમાણમાં બોમ્બમારો કરવામાં આવ્યો છે.અમેરિકા સાથેની અથડામણ વચ્ચે ઈરાને મધ્ય પૂર્વમાં અમેરિકાના સહયોગી દેશો કુવૈત, જૉર્ડન અને બહેરીનને પણ નિશાન બનાવ્યા છે. જૉર્ડનમાં થયેલા હુમલામાં અમેરિકાના બે સૈનિકો માર્યા ગયા છે અને એક ગુમ થયો છે, જ્યારે ઈરાનના એક ડ્રોન ધમાકામાં વધુ એક સૈનિકનું મોત થયું છે. જવાબમાં જૉર્ડને ત્રણ ઈરાની મિસાઈલોને હવામાં જ તોડી પાડી હતી. આ ઉપરાંત બહેરીનના વિદેશ મંત્રાલયે દેશની એર ટ્રાફિક સિસ્ટમને નિશાન બનાવીને કરવામાં આવેલા ઈરાની ડ્રોન હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે.હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતો વૈશ્વિક ઊર્જા પુરવઠો આ યુદ્ધના કારણે સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. તાજેતરમાં જ યુનાઈટેડ કિંગડમ મરીન ટ્રેડ ઓપરેશન્સ અનુસાર, સંયુક્ત આરબ એમિરેટ્સ અને ઓમાનના દરિયાકાંઠા નજીક ટેન્કરો પર હુમલા બાદ જહાજોમાં આગ લાગવાની અને ક્રૂ મેમ્બર્સ દ્વારા જહાજ છોડવાની ઘટનાઓ સામે આવી છે. આ સંકટ વચ્ચે યમનના હુથી બળવાખોરોએ પણ સાઉદી અરેબિયા સામે રાતા સમુદ્રમાં દરિયાઈ નાકાબંધીની જાહેરાત કરી દીધી છે, જેનાથી વૈશ્વિક ઓઈલ બજાર પર વધુ એક મોટું સંકટ ઊભું થયું છે.આ વધતા તણાવ અને દરિયાઈ માર્ગો બંધ થવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે. બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ઈં૮૮ને પાર પહોંચી ગયું છે, જ્યારે અમેરિકામાં પણ પેટ્રોલના ભાવ વધવાથી લોકોના ખિસ્સા પર બોજ વધી રહ્યો છે. આ ભારે તણાવ વચ્ચે કૂટનીતિક સ્તરે શાંતિની થોડી આશા પણ જાગી છે. યુદ્ધવિરામ પુનઃસ્થાપિત કરવાના પ્રયાસરૂપે ઈરાનના આંતરિક મંત્રી પાકિસ્તાનની મુલાકાતે પહોંચ્યા છે, જ્યાં તેઓ બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરાવવા માટે બેઠકો કરી રહ્યા છે. અમેરિકાએ પણ સ્પષ્ટ કર્યું છે કે તેઓ વાટાઘાટો માટે તૈયાર છે, પરંતુ ઈરાને તેના માટે ગંભીરતા દર્શાવવી પડશે.

### દિલ્હીમાં પેપર લીક મુદ્દે રાજકીય ઘમાસાણ

# વડાપ્રધાન-ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે કોંગ્રેસનાં ઘરણા

### ઘાયલ વિદ્યાર્થીઓને મળવા હોસ્પિટલ પહોંચ્યા કોંગ્રેસ નેતાઓ, સંસદમાં ચર્ચાની પણ માંગ

નવી દિલ્હી,તા.૨૧

દિલ્હીમાં પેપર લીક મામલો અને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે. કોંગ્રેસના નેતાઓએ મંગળવારે વડાપ્રધાનના નિવાસસ્થાન ૭ લોક કલ્યાણ માર્ગ નજીક ધરણા યોજીને સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક સાંસદો અને કાર્યકરો આ વિરોધમાં સામેલ થયા હતા.કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી છે. પાર્ટીનો આરોપ છે કે વિદ્યાર્થીઓના પ્રશ્નોને અવગણવામાં આવી રહ્યા છે અને વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા બળપ્રયોગ કરવામાં આવ્યો હતો.કોંગ્રેસ સાંસદો અને કાર્યકરોએ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાનેથી વડાપ્રધાનના નિવાસ સુધી આશરે ૭ કિલોમીટરની પદયાત્રા યોજી હતી. જોકે સુરક્ષાને ધ્યાનમાં રાખીને પોલીસે તેમને આગળ વધતા રોક્યા હતા. વિરોધ દરમિયાન અનેક કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.વિરોધ સ્થળે મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા. ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP) સહિતના જવાનોને પણ તહેનાત કરવામાં આવ્યા હતા. કાર્યકરો દ્વારા "રાજીનામું આપો"ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.વિરોધ દરમિયાન રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને કે.સી. વેણુગોપાલ રામ મનોહર લોહિયા હોસ્પિટલ તથા લેડી હાર્ડિંગ મેડિકલ કોલેજ પહોંચ્યા હતા. અહીં તેમણે પોલીસ કાર્યવાહીમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓની મુલાકાત લીધી હતી અને તેમની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી.રાહુલ ગાંધીએ કહ્યું કે વિદ્યાર્થીઓ સાથે થયેલી ઘટનાનો જવાબ સરકારને આપવો પડશે. તેમણે આરોપ લગાવ્યો કે દેશના યુવાનોના ભવિષ્ય સાથે અન્યાય થઈ રહ્યો છે અને આ મુદ્દે જવાબદારી નક્કી થવી જોઈએ.પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું કે વિપક્ષ સંસદમાં આ મુદ્દે ચર્ચા કરવા માંગે છે, પરંતુ તેમને પૂરતો અવકાશ આપવામાં આવતો નથી. તેમણે વિદ્યાર્થીઓની વાત સાંભળવાની અને શિક્ષણ મંત્રી પાસેથી જવાબ માંગવાની વાત કરી.આ સમગ્ર વિરોધ પ્રદર્શન અંગે સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. અગાઉ કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી જે.પી. નડ્ડાએ વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી અને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા વિદ્યાર્થીઓની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી.પેપર લીક મામલો અને વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી હવે રાજકીય મુદ્દો બની ગયો છે. કોંગ્રેસ સહિત વિપક્ષી પક્ષો સરકાર પર દબાણ બનાવી રહ્યા છે, જ્યારે આગામી દિવસોમાં સંસદમાં પણ આ મુદ્દે ભારે ચર્ચા થવાની સંભાવના છે.

# બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરા તાપડિયા આશ્રમના મહંત મહામંડલેર ૧૦૦૮, પ.પૂ. ઘનશ્યામદાસબાપુ ગુરૂ દયારામબાપુના અધ્યક્ષ સ્થાને તા.૧૯/૭/૨૦૨૬ને રવિવારે સવારે ૯–૩૦ કલાકથી જલારામ મંદિર બાબરા ખાતે તેજસ્વી તારલાઓનો ભવ્ય વિદ્યાર્થી સન્માન સમારોહ ઉજવાયો, કાર્યક્રમ ઉપાધ્યક્ષ અને આજીવન મીષ્ટભોજનના દાતા પ.પૂ. મણીરામબાપા ગુરૂ દયારામ બાપા સીતારામ આશ્રમ–હડાળા, વાળા છે, પ.પૂ. સીતારામબાપુ–ધીરજધામ સાત હનુમાન –લીંબડીયા, પ.પૂ. કલ્યાણદાસબાપુ –ગીરનારી આશ્રમ–રફાળીયા, પ.પૂ. મહેશદાસબાપુ– મહંત પીપાવાવધામ–પીપાવાવ, પ.પૂ. ભૂપતબાપુ ગુરૂઆશ્રમ–કાગદડી, પ.પૂ. ત્રીભોવનદાસબાપુ– સીતારામ સેવા આશ્રમ–સતાપર, પ.પૂ. ગોપાલદાસબાપુ રોકડીયા હનુમાનજી મંદિર–હિરાણા, પ.પૂ. ઘનશ્યામદાસબાપુ (રાઘવ) સાવરકુંડલાથી પધારી આર્શીવાદ આપેલ અને વિદ્યાર્થીઓ જીવનમાં ઉતરોતર પ્રગતિ કરે તેવા આર્શીવાદ આપેલ તમામ સંતોએ યથા યોગ્ય આર્થિક યોગદાન આપી ખુશી વ્યકત કરી હતી.માંડવી (કચ્છ) થી કમળ ।માતાજી મંદિર (નારાયણ સરોવર)ના પ્રમુખ ડો. કે.જી. વૈષ્ણવ ખાસ ઉપસ્થિત રહયા બાળકોને જીવનમાં ઉતરોતર પ્રગતિ કરવા અને હનુમાનજી દાદા અને કમળા માતાજીમાં ખુબ જ શ્રધ્ધા વિસ રાખી અભ્યાસ કરવા જણાવેલ અને રૂા. ૧૧,૦૦૦/–નું યોગદાન આપેલ જામનગર મંડળના પ્રમુખ કિશોરભાઈ દેવમુરારી પરિવાર સાથે હાજર રહી રૂા. ૧૧,૦૦૦/–નું યોગદાન આપી કાર્યક્રમની સફળતા જોઈને પોતાનો રાજીપો વ્યકત કરેલ બાબરાના અગ્રણી ઉદ્યોગપતિ અનિલભાઈ દસલાણીયા તથા સમસુદિનભાઈ ગાંગાણી તરફથી રૂા.૧૧,૦૦૦/– તથા દિલાવર સ્ટીલના માલિક સતારભાઈ સૈયદ તરફથી રૂા. ૧૧,૦૦૦/– શૌકતભાઈ ગાંગાણી તરફથી રૂા. ૧૧,૦૦૦/– પ.પૂ. ઘનશ્યામદાસબાપુ–તાપડિયા આશ્રમ–બાબરા તરફથી રૂા.૫,૧૦૦/– તરફથી ગોપાલદાસબાપુ–હિરાણા તરફથી રૂા. ૫,૧૦૦/– પ.પૂ. ભૂપતબાપુ–કાગદડી તરફથી રૂા. ૩,૧૦૦/– મહેશદાસબાપુ મહંત પીપાવાવધામ તરફથી રૂા. ૩,૧૦૦/–તથા રાજય મંડળ તરફથી રૂા.૨,૧૦૦/–તથા નંદરામભાઈ લુણકી તરફથી રૂા. ૨,૧૦૦/– સહયોગ આપી સર્વોએ પોતાનો રાજીપો વ્યકત કરેલ.

રાજય મંડળના પ્રમુખ અરૂણભાઈ દેવમુરારી, જિલ્લા મંડળના પ્રમુખ ધીરૂભાઈ દેવમુરારી, રાજય મંડળ ના મહામંત્રી મનિષભાઈ પીપાવત, રામભકતના સંપાદક ડો. અનિભાઈ રામાનુજ, જિલ્લા મંડળના પૂર્વ પ્રમુખ નવનીતભાઈ નિમાવત, જલારામ મંદિરના ટ્રસ્ટી દિપકભાઈ સેદાણી, લાઠી મંડળના પ્રમુખ દિનેશભાઈ નિરંજની, રાજુલા મંડળ ના પ્રમુખ અલ્પેશભાઈ ટીલાવત, અમરેલી શહેર મંડળના પ્રમુખ જતીનભાઈ લશ્કરી, વડીયા મંડળના પ્રમુખશ્રી અને જિલ્લા મંડળ ના ચેરમેન બાબુભાઈ નિમાવત, જલારામ મંદિરના ટ્રસ્ટી દિપકભાઈ સેદાણી, જિલ્લા ભાજપ કિશાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા તથા આસ્થા હોસ્પિટલના ડો. કુલદીપભાઈ જોષી (ડેન્ટીસ્ટ) હાજર રહી કાર્યક્રમને શુભકામના પાઠવેલ. તેમજ ડો. રૂગનાથભાઈ કુબાવત, શામળદાભાઈ નિમાવત, અશોકભાઈ દેવમુરારી, ભીખુભાઈ ખોજીજી, લાલભાઈ દેવમુરારી, રમેશભાઈ નિમાવત–નિલવળા તથા સર્વો કારોબારીઓએ સભામાં હાજરી આપેલ. શીલ્ડ સન્માનપત્રના દાતા રામકૃપાકોટેક્ષ પ્રા.લી.–વિરનગર હસ્તે સ્વ. મંજુલાબા કાશીરામબાપુ નિમાવત તરફથી રૂા. ૧૨,૨૨૫/– આપેલ કાંતિબાપુ નિમાવત તથા રમેશભાઈ નિમાવત પધારેલ અને ખુબ જ ખુશ થઈ પોતાની લાગણી વ્યકત કરેલ છેલ્લા ૭ વર્ષથી હાજર તમામ વિદ્યાર્થી ભાઈ બહેનોને ફુલસ્કેપ ચોપડા અને નોટબુકના દાતા પ્રવિણભાઈ કુબાવત અને શ્રીમતિ વિલાસબેન પી. કુબાવત તરફથી આપવામાં આવે છે.વિશેષ સન્માનમાં તાલુકા મંડળના ખજાનચી રસીકભાઈ અગ્રાવત વય મર્યાદના કારણે મા.યાર્ડ બાબરામાં કલાર્ક કમ ઈન્સ્પેકટર તરીકે નિવૃત થતા તેમનુ સાફો બાંધી ફુલહાર/શાલથી સન્માન કરવામાં આવેલ, અમરેલી વિદ્યાસભા સંકુલમાં સંસ્કૃત વિષયમાં સૌરાષ્ટ્ર યુનીવર્સિટીમાં ૩, ગોલ્ડ મેડલ મેળવનાર દીકરી કુ. ગાયત્રી દિલીપભાઈ નિમાવતને સન્માન પત્ર ફુલહાર/શાલથી સન્માન કર્યુ. લુણીધારના બહેન રૂપાબેન જગદીશભાઈ દેવમુરારી પોતાના ઘેર, ચોકલેટ, સાબુ, શેમ્પુ ફેઈશ વોસ, ખજુરપાક, અથાણા બનાવી આત્મનિર્ભર થયેલ તે બહેનનું સન્માનપત્ર ફુલહાર/શાલથી સન્માન કર્યુ બાબરા તાલુકામાં M.B.B.S. કરનાર જ્ઞાતિની પ્રથમ દીકરી કુ. કૃશાંગી શૈલેષભાઈ કુબાવતનું શીલ્ડ, સન્માનપત્ર, શિક્ષણ ઉપયોગી કીટ આપી સન્માન કરવામાં આવ્યુ.

છેલ્લા ૧૬, વર્ષથી બાબરા તાલુકામાં વિદ્યાર્થી સન્માનનો કાર્યક્રમ કરવામાં આવે છે તાલુકા મંડળના પ્રમુખ અને જિલ્લા મંડળ ઉપપ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારીના સીધા માર્ગદર્શન અને મહેનતથી આ કાર્યક્રમ યોજવામાં આવે છે. તાલુકા મંડળના મંત્રી જગદીશભાઈ એમ. લશ્કરી તથા બાબરા અમરાપરા યુવા પાંખના પ્રમુખ જનકભાઈ અગ્રાવત, યુવા પાંખ મંત્રી જીતુભાઈ નિમાવત ઉપપ્રમુખો, પ્રકાશભાઈ ચૈતન્યસ્વામી કનુભાઈ દેવમુરારી, મનિષભાઈ અગ્રાવત તથા સંજયભાઈ કુબાવત, પ્રવિણભાઈ કુબાવત, કિશનભાઈ વિષ્ણુ, શૈલેષભાઈ અગ્રાવત, ધર્મેન્દ્રભાઈ કુબાવત, (જી.ઈ.બી.), મહેશભાઈ દેવમુરારી, ભૌતિકભાઈ અગ્રાવત, ધવલભાઈ કુબાવત, આદિત્યભાઈ દેવમુરારી, રાજુભાઈ અગ્રાવત, વિજયભાઈ નિમાવત, નિલેષભાઈ જલાલજી, હકાભાઈ જલાલજી, મુકેશભાઈ અગ્રાવત, રમેશભાઈ નિમાવત, (મારૂતી સ્ટુડિયો), દેવેન્દ્રભાઈ અગ્રાવત, જયેશભાઈ અગ્રાવત વિ.એ આ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.આગામી બે–વર્ષ માટે બાબરા શહેર–અમરાપરાની યુવા પાંખની વરણી કરવામાં આવેલ જેમાં પ્રમુખ તરીકે કનુભાઈ દેવમુરારી (માવા વાળા) ઉપપ્રમુખ તરીકે કિશનભાઈ વિષ્ણું, તથા મનિષભાઈ અગ્રાવત– મંત્રી તરીકે શૈલેષભાઈ અગ્રાવત, સહમંત્રી તરીકે સંજયભાઈ કુબાવત, સંગઠન મંત્રી તરીકે મહેશભાઈ એ. દેવમુરારી તથા વિજયભાઈ બી. નિમાવતની વરણી કરવામાં આવેલ.ઉદ્દ્યોષક તરીકે ખુબ જ સારી રીતે પ્રકાશભાઈ એમ. ચૈતન્યસ્વામી (આચાર્ય વિવેકાનંદ સ્કૂલ) બાબરાએ ખુબ જ સારી રીતે રજુઆત કરી કાર્યક્રમને સફળ બનાવેલ સૌએ સાથે ભોજન લઈ કાર્યક્રમ પૂર્ણ કરેલ.

### NEET વિવાદ પર રાજકીય ઘમાસાણ તેજ

# વડાપ્રધાન વિદ્યાર્થીઓને મળે અને તેમની વાત સાંભળે': પ્રિયંકા ગાંધીની સરકારને અપીલ

### વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી અંગે ઉઠાવ્યા સવાલ; શિક્ષણ મંત્રીના રાજીનામાની પણ કરી માંગ

નવી દિલ્હી,તા.૨૧

NEET પરીક્ષામાં કથિત ગેરરીતિ અને વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને લઈને રાજકીય માહોલ વધુ ગરમાયો છે. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિદ્યાર્થીઓ સાથે સીધી મુલાકાત કરીને તેમની સમસ્યાઓ સાંભળવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓની ચિંતાઓને બળપ્રયોગથી નહીં પરંતુ સંવાદ દ્વારા ઉકેલવી જોઈએ.

પ્રિયંકા ગાંધીએ દિલ્હીમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહી પર પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે પોતાના ભવિષ્ય માટે અવાજ ઉઠાવી રહેલા વિદ્યાર્થીઓ સાથે થયેલું વર્તન નિરાશાજનક છે. તેમના મત મુજબ, સરકારનો પ્રથમ પ્રયાસ વિદ્યાર્થીઓની ફરિયાદો સાંભળવાનો અને તેમની સમસ્યાઓનો યોગ્ય ઉકેલ લાવવાનો હોવો જોઈએ.

પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો ભારે આર્થિક તથા માનસિક દબાણમાંથી પસાર થાય છે. ઘણા પરિવારો બાળકોના શિક્ષણ અને કોચિંગ માટે મોટી રકમ ખર્ચે છે, જ્યારે પેપર લીક અથવા પરીક્ષામાં ગેરરીતિ જેવી ઘટનાઓ તેમના વર્ષોની મહેનતને અસર કરે છે.

પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાનને અપીલ કરતાં કહ્યું કે તેઓ વ્યક્તિગત રીતે વિદ્યાર્થીઓને મળે અને તેમની રજૂઆતો સાંભળે. તેમણે દાવો કર્યો કે વિદ્યાર્થીઓની મુખ્ય માંગ પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાની છે. આ ઉપરાંત તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની પણ માંગ કરી અને કહ્યું કે પરીક્ષા વ્યવસ્થામાં વારંવાર ઉભી થતી ખામીઓ માટે સંબંધિત મંત્રાલયે જવાબદારી સ્વીકારવી જોઈએ.વિપક્ષનું કહેવું છે કે પરીક્ષા વ્યવસ્થામાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે પારદર્શક તપાસ અને અસરકારક સુધારા જરૂરી છે. બીજી તરફ, કેન્દ્ર સરકાર અગાઉથી કહી ચૂકી છે કે ગેરરીતિ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે અને દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી ચાલુ છે. સરકારે ભવિષ્યમાં પેપર લીક જેવી ઘટનાઓ રોકવા માટે વધુ સુરક્ષિત અને મજબૂત પરીક્ષા પ્રણાલી વિકસાવવાનો પણ સંકલ્પ વ્યક્ત કર્યો છે.NEET વિવાદને લઈને સંસદથી લઈને રસ્તા સુધી ચર્ચા ચાલી રહી છે. એક તરફ વિદ્યાર્થીઓ પારદર્શક પરીક્ષા વ્યવસ્થાની માંગ કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ રાજકીય પક્ષો આ મુદ્દે સરકારને ઘેરી રહ્યા છે. હવે સરકાર અને વિદ્યાર્થીઓ વચ્ચે સંવાદથી કોઈ ઉકેલ નીકળે છે કે નહીં, તેના પર સૌની નજર છે.

### સંસદમાં સરકારનો જવાબ

# ઈથેનોલના કારણે એન્જિન બગડવાના કોઈ પુરાવા નથી, શુદ્ધ પેટ્રોલ નહીં જ મળે

### નિષ્ણાતોની સલાહ બાદ જ ૨૦૧૩-૧૪ માં ૧.૫૩% થી વધારીને તેને ૨૦૨૫-૨૬ સુધીમાં ૨૦% સુધી પહોંચાડવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૨૧

દેશભરમાં E20 (20% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચાઓ અને વિરોધ વચ્ચે કેન્દ્ર સરકારે સંસદમાં મોટો ખુલાસો કર્યો છે. સરકારે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે દેશના પેટ્રોલ પંપો પર શુદ્ધ પેટ્રોલ (E0) કે ઓછું ઈથેનોલ ધરાવતા E10 પેટ્રોલની સમાંતર સપ્લાય શરૂ કરવાનો કોઈ વિચાર કે પ્રસ્તાવ નથી. રાજ્યસભામાં સાંસદ ડૉ. વી શિવદાસન અને અશોક સિંહ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનો જવાબ આપતાં પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ રાજ્યમંત્રી સુરેશ ગોપીએ આ માહિતી આપી હતી.પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે E20 બળતણના ઉપયોગથી વાહનના એન્જિન ખરાબ થવા, અસામાન્ય ઘસારો થવો કે પ્રદર્શનમાં મોટો ઘટાડો થવા અંગેના કોઈ વૈજ્ઞાનિક પુરાવા કે પુષ્ટિ થયેલી ફરિયાદો મળી નથી. સોશિયલ મીડિયા અને મીડિયા રિપોર્ટ્સમાં ઉઠાવવામાં આવેલી ચિંતાઓનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન, લાંબા સમયની લેબ ટેસ્ટિંગ અને ફીલ્ડ વેલિડેશન કરાવવામાં આવ્યું છે, જેમાં E20 થી વાહનો પર વિપરીત અસર થવાનું સાબિત થયું નથી.સરકારે શુદ્ધ પેટ્રોલ કે E10 ના વેચાણથી ઈનકાર કરવા પાછળ બે મુખ્ય કારણો દર્શાવ્યા છે:લોજિસ્ટિક્સ અને ખર્ચ: દેશના 1 લાખથી વધુ પેટ્રોલ પંપો પર E0, E10 અને E20 માટે અલગ-અલગ સપ્લાય ચેઈન અને હેન્ડલિંગની વ્યવસ્થા કરવી વ્યાવહારિક નથી. તેનાથી ખર્ચ અને લોજિસ્ટિક્સની જટિલતા ખૂબ વધી જશે.કંપનીઓનો ભરોસો અને વોરંટી: ઓટોમોબાઈલ કંપનીઓ E20 પેટ્રોલથી ચાલતી ગાડીઓ પર પોતાની વોરંટી સંપૂર્ણપણે યથાવત રાખી રહી છે. જો કંપનીઓ સંતૃષ્ટ ન હોત તો તેઓ E20 વાહનો બનાવત જ નહીં.મંત્રાલયે જણાવ્યું કે ઈથેનોલ મિશ્રણની શરૂઆત વર્ષ 2001 માં એક પાઈલટ પ્રોજેક્ટ તરીકે થઈ હતી. નિષ્ણાતોની સલાહ બાદ જ 2013-14 માં 1.53% થી વધારીને તેને 2025-26 સુધીમાં 20% સુધી પહોંચાડવામાં આવ્યું છે. દેશની ઊર્જા સુરક્ષા, પર્યાવરણની સ્થિરતા અને ખેડૂતોના કલ્યાણને ધ્યાનમાં રાખીને 1 એપ્રિલ 2026 થી ન્યૂનતમ 95 રિસર્ચ ઓક્ટેન નંબર (RON) વાળા ઈથેનોલ બ્લેન્ડેડ ઈંધણને નોટિફાય કરાયું છે. હવે જૂના ઈંધણ તરફ પાછા ફરવાથી ઊર્જા સુરક્ષા અને ખેડૂતોને થતા ફાયદા ઓછા થઈ જશે.

# ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# લાઠીનાં કાંચરડીમાં રૂપિયા ૨.૫૦ કરોડનાં ખર્ચે પુર સંરક્ષણ દીવાલની મળી મંજુરી

### સમગ્ર પંથકની જનતામાં ખુશીનો માહોલ

અમરેલી, તા. ૨૧

લાઠી તાલુકાના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેનારા ધારાસભ્ય જનક તળાવીયાએ કાંચરડી ગામના વર્ષો જૂના અને અત્યંત ગંભીર એવા પૂરના પ્રશ્નને કાયમી રીતે ઉકેલવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય સાથે આગળ આવ્યા છે. ગામના ભૂગોળીય સ્થિતિ સ્થાપકતા, નદીની નજીક સ્થિત વિસ્તાર અને વરસાદી સિઝનમાં થતા પ્રચંડ પાણીના પ્રવાહને ધ્યાનમાં રાખીને, ગામની સુરક્ષા માટે રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે ભવ્ય પુર સંરક્ષણ દિવાલના નિર્માણને સૈદ્ધાંતિક મંજૂરી જાહેર કરવામાં આવી છે.

આ નિર્ણય માત્ર એક સરકારી મંજૂરી નથી, પરંતુ કાંચરડી ગામના લોકોને મળતી એક મોટી વિસની ભેટ છે, જે ગામના ભાવિ વિકાસનું પાયાનું પથ્થર સાબિત થશે.

### ચોમાસુ સત્રમાં સતત બીજા દિવસે પણ વિપક્ષનો હોબાળો

# ભારે હંગામા બાદ લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત

### વિદ્યાર્થીઓના વિરોધ, NEET મુદ્દો અને અન્ય પ્રશ્નો પર સરકાર-વિપક્ષ આમને-સામને; બંને ગૃહોમાં કાર્યવાહી ચાલી શકી નહીં

નવી દિલ્હી,તા.૨૧

સંસદના ચોમાસુ સત્રના બીજા દિવસે પણ લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. વિપક્ષે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર થયેલી પોલીસ કાર્યવાહી, દ્વઈઈ પરીક્ષા વિવાદ સહિતના મુદ્દાઓને લઈને સરકાર સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. સતત હંગામાને કારણે બંને ગૃહોમાં કોઈ મહત્વપૂર્ણ ધારાસભાકીય કામકાજ થઈ શક્યું નહીં અને અંતે લોકસભા તથા રાજ્યસભાની કાર્યવાહી બુધવાર, ૨૨ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષના સભ્યોએ વિવિધ મુદ્દાઓ પર ચર્ચાની માંગ સાથે સૂત્રોચ્ચાર શરૂ કર્યો હતો. ભારે હોબાળાને કારણે અધ્યક્ષે પ્રથમ કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી અને ત્યારબાદ ૨ વાગ્યા સુધી મુલતવી રાખી હતી. બપોરે ફરી બેઠક શરૂ થયા બાદ પણ સ્થિતિમાં કોઈ સુધારો ન થતાં આખા દિવસ માટે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી.રાજ્યસભામાં પણ સમાન સ્થિતિ જોવા મળી હતી. કોંગ્રેસના અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીનો મુદ્દો ઉઠાવી સરકાર પાસેથી સ્પષ્ટતા માંગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, હોબાળાને કારણે રાજ્યસભામાં પણ કોઈ નિયમિત કાર્યવાહી થઈ શકી નહોતી.સંસદની બહાર મીડિયા સાથે વાત કરતાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દેશની શિક્ષણ વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓની માંગણીઓને યોગ્ય ગણાવી અને કહ્યું કે પરીક્ષા પ્રણાલીમાં ઉભી થયેલી ખામીઓ અંગે સરકાર જવાબ આપે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દે મૌન કેમ છે તેવો સવાલ પણ ઉઠાવ્યો.મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર નિશાન સાધતાં જણાવ્યું કે વિપક્ષને સંસદમાં પોતાની વાત રજૂ કરવાની પૂરતી તક આપવામાં આવતી નથી. તેમણે વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી અંગે ચર્ચા કરવાની માંગ પુનરાવર્તિત કરી અને કહ્યું કે સંવેદનશીલ મુદ્દાઓ પર સંસદમાં ખુલ્લી ચર્ચા થવી જરૂરી છે.બીજી તરફ, સરકારનું કહેવું છે કે સંસદમાં મહત્વપૂર્ણ વિધેયકો અને જાહેર હિતના મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈએ અને વિપક્ષે ગૃહનું કામકાજ અવરોધવાને બદલે ચર્ચામાં ભાગ લેવો જોઈએ. જોકે, દિવસભર ચાલેલા હોબાળાને કારણે કોઈપણ મહત્વપૂર્ણ ચર્ચા કે કાયદાકીય કાર્યવાહી આગળ વધી શકી નહોતી.ચોમાસુ સત્રના પ્રથમ બે દિવસ સતત અવરોધોથી પ્રભાવિત રહ્યા છે. હવે બુધવારે બંને ગૃહોની બેઠક ફરી શરૂ થશે ત્યારે સરકાર અને વિપક્ષ વચ્ચે ચર્ચા માટે કોઈ સહમતિ બને છે કે ફરી હંગામો જોવા મળે છે, તેના પર સૌની નજર રહેશે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### વૈજ્ઞાનિક અભ્યાસમાં ખુલાસો

# મોબાઇલ ફોનથી બ્રેઇન કેન્સર થતું હોવાના કોઇ પુરાવા નથી

### મોબાઇલ ફોનના ઉપયોગથી મગજના કેન્સરનું જોખમ વધતું હોત તો છેલ્લા દાયકાઓમાં આવા કેસોમાં ઉછાળો આવ્યો હોત

લંડન, તા.૨૧

એક નવા વૈજ્ઞાનિક અભ્યાસમાં ખુલાસો થયો છે કે મોબાઈલ ફોનમાંથી નીકળતા ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોથી મગજ, માથા અથવા ગરદનનું કેન્સર થતું હોવાના કોઈ વૈજ્ઞાનિક પુરાવા મળ્યા નથી. આ નવા અભ્યાસથી છેલ્લા બે દાયકામાં મોબાઈલ ફોનના વ્યાપક ઉપયોગથી મગજના કેન્સરનું જોખમ વધતુ હોવાની અટકળો પર પૂર્ણવિરામ મુકાયું છે. 2019માં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોની આરોગ્ય પરની અસર જાણવા માટે 13 વૈજ્ઞાનિક સમીક્ષાઓ કરાવવાનો નિર્ણય લીધો હતો. નવા અભ્યાસમાં આ સમીક્ષાઓના તારણોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાં સ્પષ્ટ થયું છે કે મોબાઈલ ફોનમાંથી નીકળતા ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગો મગજ, માથા અથવા ગરદનના કેન્સરનું કારણ બને છે તેવા કોઈ પુરાવા નથી.WHOની 13 સમીક્ષાઓનો હેતુ એ સમજવાનો હતો કે ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોની આરોગ્ય પરની અસર અંગે અત્યાર સુધી શું જાણવામાં આવ્યું છે અને કયા ક્ષેત્રોમાં વધુ સંશોધનની જરૂર છે. WHOએ હજુ સુધી તમામ સમીક્ષાઓ પર અંતિમ અહેવાલ જાહેર કર્યો નથી, પરંતુ મગજના કેન્સર અંગેની સમીક્ષા કરનારા બે સંશોધકોએ પોતાના તેમજ અન્ય સમીક્ષાઓના મુખ્ય તારણો પ્રકાશિત કર્યા છે.સંશોધકોએ 1994થી 2022 દરમિયાન પ્રકાશિત થયેલા 63 અલગ-અલગ અભ્યાસોનું વિશ્લેષણ કર્યું હતું. તેમા જાણવા મળ્યું છે કે મોબાઈલ ફોનના ઉપયોગ અને મગજ, માથા અથવા ગરદનના કેન્સર વચ્ચે કોઈ સંબંધ જોવા મળ્યો નથી. વ્યક્તિ કેટલો સમય મોબાઈલનો ઉપયોગ કરે છે અથવા 10 વર્ષથી વધુ સમયથી મોબાઈલ વાપરે છે કે નહીં. તેનાથી પણ કેન્સરનું જોખમ વધતું હોવાનું કોઈ પુરાવું મળ્યું નથી.આ જ સમીક્ષામાં રેડિયો અને ટેલિવિઝન ટ્રાન્સમિશન તથા બાળકોમાં લ્યુકેમિયા વચ્ચે પણ કોઈ સંબંધ મળ્યો નથી. માનવો પર થયેલા અન્ય અભ્યાસોમાં પણ મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગો છોડતા ઉપકરણોથી સ્વાસ્થ્યને નુકસાન થતું હોવાના કોઈ પુરાવા મળ્યા નથી.સંશોધકોએ જણાવ્યું હતું કે જો મોબાઈલ ફોનના ઉપયોગથી ખરેખર મગજના કેન્સરનું જોખમ વધતું હોત તો છેલ્લા દાયકાઓમાં આવા કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હોત, પરંતુ ઓસ્ટ્રેલિયામાં 1980ના દાયકાથી મગજના કેન્સરનો દર લગભગ સ્થિર રહ્યો છે. 1980ના દાયકામાં મોબાઈલ ફોનનો વ્યાપક ઉપયોગ પણ શરૂ થયો નહોતો.અભ્યાસના લેખકોના જણાવ્યા મુજબ, વિજ્ઞાન ક્યારેય કોઈ જોખમ સંપૂર્ણપણે અસ્તિત્વમાં નથી એવું સાબિત કરી શકતું નથી. WHOની સમીક્ષાઓનો હેતુ ભવિષ્યમાં કયા ક્ષેત્રોમાં વધુ સંશોધનની જરૂર છે તે નક્કી કરવાનો પણ છે, જેથી નવી ટેક્નોલોજી સાથે સલામતીના ધોરણો સતત અપડેટ થઈ શકે.

# અમરેલી જિલ્લા બ્રહ્મ સમાજ દ્વારા સમાજને એક સુત્રે બાંધતી વેબસાઈડનું લોકાર્પણ કરાયું



અમરેલી જિલ્લા તથા શહેર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા જિલ્લાનાં પદાધિકારીઓ, અગ્રણીઓ અને ભૂદેવ પરિવારોની ઉપસ્થિતિમાં ''સ્નેહનું સંભારણું'' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં હોદ્દેદારઓ ઉપસ્થિત રહી સમાજની એકતા, સંગઠન અને સેવાભાવને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિકસાવવામાં આવેલી નવી વેબસાઈટનું લોકાર્પણ રહ્યું હતું. પૂજનીય વડીલોના આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલી આ વેબસાઈટ દ્વારા જિલ્લાનાં અંતરિયાળ વિસ્તારોમાં વસતા તમામ ભૂદેવ પરિવારોની માહિતી એકત્રિત કરી તેમને એક ડિજિટલ પ્લેટફોર્મ પર જોડવાનો મહત્વપૂર્ણ ધ્યાસ કરવામાં આવ્યો છે. આ પહેલનાં માધ્યમથી સમાજના દરેક પરિવાર સુધી સરળતાથી પહોંચીને જરૂરિયાત મંદોને સમયસર સહાય અને વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો હેતુ છે. શાસ્ત્રી રમેશભાઈ ઠાકર, છેલભાઈ જોષી, ઉદયનભાઈ ત્રિવેદી, અશ્વિનભાઈ ત્રિવેદી, એમ.જી. જોષી, આર.પી. મહેતા, પરેશભાઈ આચાર્ય, તનસુખભાઈ ઠાકર, મુકુંદભાઈ મહેતા, શરદભાઈ વ્યાસ, નરેશભાઈ અધ્યારૂ, નરૂભાઈ ત્રિવેદી, બકુલભાઈ પંડયા સહિત વડિલો તથા કિશોરભાઈ ભટ્ટ, મુકેશભાઈ ત્રિવેદી, હસુભાઈ જોષી, ડો. મુકેશભાઈ ત્રિવેદી, કિશોરભાઈ પાઠક, આનંદભાઈ ભટ્ટ, વિપુલભાઈ વ્યાસ, હસુદાદા જોષી, સિધ્ધાર્થભાઈ ઠાકર, નિલેશભાઈ જાની, વી.પી. ધાંધિયા, યોગેશભાઈ દવે, સંદિપભાઈ ભટ્ટ, અતુલભાઈ ત્રિવેદી, ધવલભાઈ ઠાકર, રશ્મિનભાઈ ત્રિવેદી, ચંદ્રેશભાઈ મહેતા, જયેશભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ ત્રિવેદી, સમિરભાઈ પંડયા, સંજયભાઈ જોષી સહિત તમામ હોદ્દેદારો પરિવારની ઉપસ્થિતિમાં જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ તુષારભાઈ જોષીએ જણાવ્યું હતું કે, ''આ વેબસાઈટનું માત્ર માહિતીનો સંગ્રહ નહીં, પરંતુ સમાજના દરેક પરિવાર સાથે જીવંત સંપર્ક જાળવતું સેવા અને સંગઠનનું સશક્ત માધ્યમ છે. સમાજના અંતિમ હરોળમાં રહેલા જરૂરિયાતમંદ પરિવાર સુધી સમયસર પહોંચીને તેમને સહાયરૂપ થવા તેમજ સમગ્ર બ્રહ્મસમાજને એકસૂત્રે બાંધવાનો અમારો સંકલ્પ છે.'' કાર્યક્રમ દરમિયાન સમાજની એકતા, સંગઠન અને ભવિષ્યનાં વિકાસલક્ષી આયોજનો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વડીલોનાં હસ્તે વેબસાઈટનું લોકાર્પણ કરી સમાજનાં ડિજિટલ સશક્તિકરણ તરફ એક ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું હતું. વક્તાઓએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં સુવ્યવસ્થિત અને આયોજનબદ્ધ કાર્યક્રમો દ્વારા સમાજને વધુ ગતિશીલ, પ્રગતિશીલ અને સેવાભાવી બનાવવામાં આવશે. આ કાર્યક્રમમાં શાસ્ત્રી રમેશભાઈ ઠાકર, છેલભાઈ જોષી, એમ.જી. જોષીએ માર્ગદર્શન આપેલ હતું અને ટીમને અભિનંદન પાઠવ્યા હતા તેમજ પરશુરામધામનાં પ્રણેતા ઉદયનભાઈ ત્રિવેદીએ પરશુરામ ધામનાં વિકાસ માટે માર્ગદર્શન આપ્યુ હતું. તેમજ શહેર પ્રમુખ ભગિરથ ત્રિવેદીએ સૌનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા જણાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જિલ્લા મહામંત્રી તેજશ ત્રિવેદીએ કર્યુ હતું. તેમ શહેર મહામંત્રી મુકેશ તેરૈયા અને અજય પંડયાની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું

## જાફરાબાદમાં સામાન્ય બાબતને લઈને

જાફરાબાદ ગામે આવેલ નવધરા બજાર, ખોજા વાળા વિસ્તારમાં રહેતા જીગનેશભાઈ પ્રવિણભાઈ સોલંકી નામના ૨૬ વર્ષીય વિદ્યાર્થીના ઘર પાસે જઈને તે જ ગામે રહેતા આરોપી ભારતીબેન દિનેશભાઈ સોલંકી કહેલ કે, તુ મારા દિકરાને કેમ ગાળો આપે છે. અને તેને બાયલો કેમ કહે છે ? જેથી વિદ્યાર્થીએ કહેલ કે, તમારો દિકરો મારા ભાઈને જાફરાબાદનો રોકી કહે છે. તેવામાં આરોપી મનિષભાઈ મોહનભાઈ સોલંકીએ ત્યાં આવી વિદ્યાર્થીના ભાઈને જાપટ મારેલ હતી અને બીજા ૧૧ જેટલા આરોપીઓ સહિત ૧૩ ઈસમોએ વિદ્યાર્થી તથા તેમના ભાઈને આડેધડ માર મારી મુંઢ ઈજા કરેલ હતી.

બાદ થોડીવારમાં આરોપી વંસતીબેન શુકરભાઈ બારૈયાએ આવી વિદ્યાર્થીના ઘરની જાળી ઉપર ચડી બંધ હાલતના કેમેરા તોડી રૂપિયા ૩૦૦૦ નું નુકસાન કરી. ત્યાર ઉમેલ વિદ્યાર્થીના મામી વર્ષાબેન વિજયભાઈનું પાછળના ભાગેથી બ્લાઉઝ ફાડી નાખી છેડતી કરેલ હતી. તેમજ જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો સમાપક્ષે જયશ્રીબેન સચીનભાઈ બારૈયા નામની મહિલાએ આ બનાવમાં પ્રફુલભાઈ પ્રવિણભાઈ સોલંકી નશાની હાલતમાં મહિલાના પપ્પાના ઘરે જઈ મહિલાને ગાળો આપેલ જેથી મહિલાએ ગાળો દેવાની ના પાડતા આરોપીએ આ મહિલાનો હાથ પકડી છેડતી કરવાના ઈરાદે સાડીનો છેડો ખેંચી હતી. બાદમાં મહિલાના ફળ ભારતીબેન આરોપીનાં ઘરે જઈ ઠપકો આપતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ ગાળો દેવા લાગેલ હતા. આ વખતે બીજા ૬ આરોપીઓ આવી ગયેલ અને મહિલાનાં ફઈ સાથે ગાળાગાળી કરેલ આરોપીઓએ એકસંપ કરી માર મારી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


## જાહેર નોટિસ

// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૪૩/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) કોઠીયા ગોકુળભાઈ હરીભાઈ
રહે. બગોયા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.
તા. ૧૬/૦૭/૨૦૨૬

// વિરૂધ્ધ //

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી, બગોયા, તા. સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ની પુત્રી કોઠીયા જયશ્રીબેન ગોકુળભાઈનો જન્મ તા. ૦૬/૦૨/૧૯૭૬ના રોજ મુ. બગોયા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૨ | શિંગદાણા | ૧૫૯૫ | ૨૦૯૫ |
| ૩ | તલ સફેદ | ૧૬૯૦ | ૨૬૭૦ |
| ૪ | તલ કાળા | ૨૧૯૦ | ૩૮૫૫ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૦૫ |
| ૬ | જુવાર | ૬૪૦ | ૧૨૯૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૭૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૪૦ |
| ૯ | મકાઈ | ૩૨૦ | ૫૫૫ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૧૯૨૫ |
| ૧૧ | ચણા | ૯૬૦ | ૧૨૩૫ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૫૦ | ૧૧૬૫ |
| ૧૩ | સફેદ ચણા | ૧૦૨૫ | ૧૧૪૦ |
| ૧૪ | છોલે ચણા | ૯૫૦ | ૧૪૦૦ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૫૧૫ |
| ૧૬ | કપાસ | ૮૫૦ | ૧૮૯૦ |
| ૧૭ | જીરૂ | ૩૮૫૦ | ૩૮૫૦ |
| ૧૮ | રાય | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૧૯ | ધાણી | ૨૨૯૦ | ૩૦૩૦ |
| ૨૦ | મેથી | ૧૧૮૦ | ૧૨૨૫ |
| ૨૧ | સોયાબીન | ૯૨૫ | ૧૫૩૦ |

કેન્સરનું વહેલું નિદાન એ જ બચાવ

## રાજુલા ખાતે કોમન કેન્સર સ્ક્રીનીંગ અને અર્લી ડિટેક્શન અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો

### આરોગ્ય કર્મચારીઓને અપાઈ વિશેષ તાલીમ



રાજુલા, તા. ૨૧

કેન્સર જેવા ગંભીર રોગ સામે જાગૃતિ લાવવા અને તેનું પ્રાથમિક તબક્કામાં જ નિદાન કરી શકાય તેવા ઉમદા હેતુથી અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાજુલા ખાતે સામાન્ય કેન્સરની તપાસ અને વહેલું નિદાન વિષય પર એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના સંયુકત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજુલા અને જાફરાબાદના સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ તાલીમનો મુખ્ય હેતુ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના નાગરિકોમાં મો, સ્તન અને ગર્ભાશયના કેન્સર જેવા સામાન્ય કેન્સરોનુ શરૂઆતના સ્ટેજમાં જ સ્ક્રીનીંગ (તપાસ) કરી શકાય તે માટે ગ્રાઉન્ડ લેવલના સ્ટાફને સજ્જ કરવાનો હતો. કેન્સરનું જો પ્રથમ કે બીજા તબક્કામાં જ નિદાન થઈ જાય, તો દર્દીનો જીવ બચાવવાની શકયતાઓ ઘણી વધી જાય છે.

કાર્યક્રમ દરમિયાન ડો. મિતેશ સોલંકી અને ડો. વિરાટ અગ્રાવત દ્વારા ઉપસ્થિત સ્ટાફને લક્ષણોની ઓળખ, સ્ક્રીનીંગની પદ્ધતિઓ અને કાઉન્સેલિંગ જેવી મહત્વની બાબતો અંગે રોલ પ્લે દ્વારા વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. રાજુલા અને જાફરાબાદ વિસ્તારના મેડિકલ ઓફિસર, સી.એચ.ઓ., એએનએમ અને મપહેવ ભાઈઓએ આ તાલીમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તાલીમ બાદ હવે આગામી દિવસોમાં સ્થાનિક કક્ષાએ કેન્સર સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરી લોકજાગૃતિ વધારવાના પ્રયાસો હાથ ધરવામાં આવનાર હોવાનુ યાદીમા જણાવેલ છે.


## જાહેર નોટિસ

// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૨૮/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) રાતડિયા વેલજીભાઈ બાઘાભાઈ
રહે. ખોડીયાણા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.
તા. ૧૬/૦૭/૨૦૨૬

// વિરૂધ્ધ //

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી, ખોડીયાણા, તા. સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **ની પુત્રી રાતડિયા ભકિતબેન વેલજીભાઈનો જન્મ તા. ૨૦/૦૪/૨૦૨૧ના રોજ મુ. ખોડીયાણા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**


## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૪૧ |
| ૨ | શીંગ દાણા | ૧૮૦૦ | ૨૨૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૪૧ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૭૨૯ |
| ૫ | જીરૂ | ૩૩૦૦ | ૩૯૫૧ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૫ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૪૩૦ |
| ૧૦ | જુવાર | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ૧૧ | મગ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૮૨ |
| ૧૩ | તુવેર | ૧૨૧૦ | ૧૪૫૦ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૨૨૭ |
| ૧૫ | ધાણા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ૧૬ | સોયાબીન | ૧૧૦૦ | ૧૩૧૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## ધારીનાં રહેણાંક મકાનમાં ચોરી

વાગ્યે મોટર સાયકલ લઈને માલસીકા ગામથી ધારી લાઈનપરા ખાતે જવા નીકળેલ અને આરોપી અજયના ઘરેથી તાળા તોડવા માટે લોખંડની કોંશ લીધેલ અને ચારેય માલસીકાથી ધારી લાઈનપરા ખાતે આવેલ અને એક મકાનની દીવાલ કુદીને અંદર જઈ, મકાનના દરવાજાનો આંગળીયો કોંશથી તોડી તેને કાઢી, રૂમમાં એક કબાટ રાખેલ હોય તેમાંથી સોનાનો ચેઈન તથા સોનાની બુટી એક જોડી તથા રોકડ રૂપિયા ૨૧,૦૦૦ની ચોરી કરી લઈ ગયેલાની હકીકત જણાવેલ હતી.

આમ ધારી ટાઉનમાં એક મકાનમાંથી રોકડ રકમ રૂપિયા ૧૬,૦૦૦, એક સોનાનો ચેઈન વજન ૨૪.૭૪ ગ્રામ કિંમત રૂપિયા ૬૬,૯૧૦, સોનાની બુટી જોડી ૧ વજન ૫.૫૦ ગ્રામ કિંમત રૂપિયા ૭,૦૦૦, મોબાઈલ ફોન નંગ ર કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા એક મોટર સાયકલ નં.જી.જે.–૦૫ ડીકે–૫૨૬૨ કિંમત રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૧૪,૯૧૦નાં મુદામાલ સાથે ત્રણેય આરોપીઓને ઝડપી પાડેલ હતા.


## ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી.) બાબતે જાહેર નોટિસ

આથી જાહેરાત આપવામાં આવે છે કે અમો પ્રમુખ/મંત્રીશ્રી (સુચિત) વસુંધરા પ્રાકૃતિક ખેતી સહકારી મંડળી લી. મુ. ચલાલા, મહાદેવપરા તા. ધારી, જી. અમરેલી ની હાલનું કાર્યક્ષેત્ર ધારી તાલુકાના તમામ ગામો પુરતું હોય જેના નોંધણી દરખાસ્ત બાબતે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ અમરેલીને દરખાસ્ત કરવામાં આવનાર હોય જેથી આ માટે ધારી તાલુકામાં આવા જ પ્રકારની તમામ પ્રાકૃતિક મંડળીઓ ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી.) મેળવવાના થતા હોય, જેથી આ (સુચિત) વસુંધરા પ્રાકૃતિક ખેતી સહકારી મંડળી લી. નોંધણી દરખાસ્ત સામે જો કોઈ વાંધા સુચનો હોય તો જાહેરાતની તારીખથી દિન–૧૦માં અમોને નીચેના સરનામે અથવા તો શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, અમરેલીના સરનામે ઉકત કચેરીને રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા ઉકત સમય મર્યાદામાં કોઈપણ વાંધા સુચનો ન રજુ થાય તો આપને કશું કહેવાનું નથી તેમ માની આપનું 'ના વાંધા પ્રમાણપત્ર' (એન.ઓ.સી.) મળી ગયા સમાન માની નોંધણીની દરખાસ્ત રજુ કરવામાં આવશે જેની સર્વોએ નોંધ લેવી.

તારીખ : ૨૦/૦૭/૨૦૨૬
સ્થળ : ચલાલા
સેક્રેટરી

(સુચિત) વસુંધરા પ્રાકૃતિક ખેતી સહકારી મંડળી લી. વાંધા સ્વિકારવાનું સ્થળ :
(૧) પ્રમુખ/મંત્રીશ્રી (સુચિત) વસુંધરા પ્રાકૃતિક ખેતી સહકારી મંડળી લી. મુ. ચલાલા, મહાદેવપરા તા. ધારી, જી. અમરેલી અથવા
(૨) શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, બ્લોક–સી, ત્રીજો માળ, અમરેલી.


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૪૦૧ | ૨૬૭૪ |
| ૨ | તલ કાળા | ૨૪૦૦ | ૨૯૦૦ |
| ૩ | કપાસ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૪ | બાજરો | ૪૦૧ | ૫૪૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૩૦ |
| ૬ | જુવાર | ૪૫૧ | ૧૩૦૨ |
| ૭ | મગ | ૧૦૧૫ | ૧૫૦૦ |
| ૮ | તુવેર | ૭૦૦ | ૧૨૭૦ |
| ૯ | ચણા | ૧૦૩૧ | ૧૦૫૦ |
| ૧૦ | જીરૂ | ૩૩૧૨ | ૩૩૧૨ |
| ૧૧ | સોયાબીન | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૮૦૦ | ૧૯૫૦ |


## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **મિતાબેન નવનીતભાઈ હેલૈયા**, મારૂ જુનું નામ **મીતાબેન નવનીત હેલૈયા** થી બદલીને **મિતાબેન નવનીતભાઈ હેલૈયા** કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.


## અવસાન નોંધ

**બાબરા :** મૂળ કરીયાણા હાલ બાબરા નિવાસી નારણભાઈ દાનાભાઈ ચાંવ ઉંમર વર્ષ ૧૦૩ તે સ્વ. શિવલાલભાઈ દાનાભાઈ ચાંવ તથા ભગવાનજીભાઈ ચાંવના નાના ભાઈ તથા વ્રજલાલભાઈ તથા કરશનભાઈના મોટાભાઈનું અવસાન તા. ૨૧/૭/૨૬ને મંગળવારના રોજ થયેલ છે. જેમનું બેસણું તા. ૨૩/૭/૨૬ ને ગુરૂવારના રોજ ૪ થી ૬ રાજગોર બ્રાહ્મણ સમાજની વાડી, રાજકોટ –ભાવનગર રોડ, માર્કેટિંગ યાર્ડની બાજુમાં, બાબરા ખાતે રાખેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૩૦ | ૧૮૦૦ |
| ૨ | મગફળી | ૧૧૪૦ | ૧૨૮૦ |
| ૩ | જીરૂ | ૨૮૦૦ | ૩૬૫૦ |
| ૪ | ચણા | ૧૧૩૦ | ૧૧૮૦ |
| ૫ | ઘઉં | ૫૦૧ | ૫૨૧ |


## શ્રી ઇંગોરાળા ગ્રામ પંચાયત

### :: જાહેર હરરાજી ::

આથી આ જાહેર નોટિશ પ્રસિધ્ધ કરી રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે, ઈંગોરાળા ગામે ગ્રામ પંચાયતની બેઠક તા. ૦૯/૦૭/૨૦૨૬ના ઠરાવ નંબર–૦૫ થી નક્કી થયા મુજબ ઈંગોરાળા ગ્રામ પંચાયત હસ્તકની પંચાયતઘર અતિ જર્જિત હાલતમાં હોય, છત્તમાંથી લોખંડ બહાર આવી ગયેલ હોય, દિવાલોમાં તિરાડો પડી ગયેલ હોય, બેસવા લાયક ન હોય, ઘણા વર્ષોથી બિન ઉપયોગી હોય, તોડીપાડી ઈમલો ઉતારી કાટમાળ દુર કરી જગ્યા ખુલ્લી સમથળ કરવા માટે જાહેર હરરાજીથી નીકાલ કરવાનો થતો હોય, રસ ધરાવતા પક્ષકારોએ નીચે દર્શાવેલ તારીખ, સમયસર સ્થળ હાજર રહેવું. જેમાં નીચે મુજબની શરતોએ હરરાજીની કાર્યવાહી શરૂ કરવામાં આવે છે.

**હરરાજીની શરતો :**

૧. હરરાજીમાં ભાગ લેવા માંગતા આસામીએ હરરાજી શરૂ થયા અગાઉ રૂા. ૧૦૦૦ ડીપોજિટ ભરવાની રહેશે, તે સીવાય તે હરરાજીમાં ભાગ લઈ શકશે નહીં.
૨. જાહેર હરરાજી ઓછામાં ઓછી અપસેટ વેલ્યુ રૂા. ૧૦૦૦૦ થી શરૂ કરવામાં આવશે.
૩. હરરાજીની છેલ્લી બોલીની પુરેપુરી રકમ હરરાજી પૂર્ણ થયાબાદ સ્થળ ઉપર જ જમાં કરવાની રહેશે.
૪. કોઈપણ વાંધા/તકરાર સમયે આખરી નિર્ણય/નિકાલ કરવાની આખરી સત્તા ગ્રામ પંચાયતની રહેશે.
૫. બાકીની શરતો રૂબરૂ સ્થળ પર હરરાજીનાં સમયે સંભળાવવામાં આવશે.
૬. ઈમલો સ્વ–ખર્ચે અને સ્વ–જોખમે ઉતારવાનો રહેશે.
૭. ઈમલામાંથી નીકળેલ કાટમાળ ગામને નડતર ન થાય તે રીતે ગામની બારોબાર નિકાલ કરવાનો રહેશે.
૮. જાહેર હરરાજીના તમામ બાબતોના અધિકારી સરપંચશ્રીને અબાધિત રહેશે.

**જાહેર હરરાજીની તારીખ : ૨૮/૦૭/૨૦૨૬**
**જાહેર હરરાજીનો સમય : ૧૧:૦૦ કલાકે બપોરે**
**જાહેર હરરાજીનું સ્થળ : ગ્રામ પંચાયત કચેરી ઈંગોરાળા, તા. ખાંભા, જી. અમરેલી**

**તલાટી કમ મંત્રીશ્રી**
**ઈંગોરાળા ગ્રામ પંચાયત**
**તા. ખાંભા, જી. અમરેલી**

**સરપંચ**
**ઈંગોરાળા ગ્રામ પંચાયત**
**તા. ખાંભા, જી. અમરેલી**


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૨૫ |
| ૨ | તુવેર | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૩ | ધાણા | ૧૦૦૦ | ૩૦૦૦ |
| ૪ | એરંડા | ૧૩૦૫ | ૧૩૩૦ |
| ૫ | જુવાર | ૪૩૦ | ૪૩૦ |
| ૬ | તલ કાળા | ૩૪૫૦ | ૩૪૫૦ |
| ૭ | શીંગ દાણા | ૧૬૮૦ | ૧૯૮૫ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૯ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| ૧૦ | સોયાબીન | ૧૩૨૫ | ૧૩૯૦ |

# દેશનાં પાટનગરમાં વિપક્ષનાં નેતા રાહુલ ગાંધીની અટકાયત કરાઈ



દેશનાં પાટનગરમાં છેલ્લા ૨ દિવસથી અફડાતફડીનો માહોલ સર્જાયો છે. ગઈકાલે સીજેપીની લોકસભા ભવન સુધીની માર્ચને લઈને લાઠીચાર્જ, આંસુ ગેસનાં ગોળા છોડાયા બાદ ૨ દિવસથી લોકસભામાં વિપક્ષો ભારે હંગામો મચાવી રહ્યા છે. દરમિયાનમાં આજે વિપક્ષ નેતા રાહુલ ગાંધી સહિત પ્રિયંકા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિતનાં દિગ્ગજોએ પ્રધાનમંત્રી નિવાસ સ્થાન નજીક ધરણા કરતાં પોલીસે રાહુલ ગાંધીની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી. તો ઉત્તરપ્રદેશનાં વિપક્ષી નેતા અખિલેશ યાદવને પણ ઘેરો ઘાલ્યો હતો.

### કૌશલ્યને મળ્યું સન્માન

## અમરેલી જિલ્લા રોજગાર ભરતી મેળામાં ત્રણ પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા રેકોર્ડ બ્રેક પસંદગી

**૬ યુવાનોને મળી કારકિર્દીની નવી દિશા, 'અનુબંધમ' પોર્ટલ બન્યું આશીર્વાદરૂપ**

અમરેલી, તા. ૨૧

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તક કાર્યરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી તથા ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ), અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલો રોજગાર ભરતીમેળો સ્થાનિક યુવાનો માટે સાચા અર્થમાં સફળતાની ગાથા સાબિત થયો છે.તા. ૧૭/૦૭/૨૦૨૬, શુક્રવારના રોજ આઈ.ટી.આઈ., લાઠી રોડ, અમરેલી ખાતે ડિજિટલ 'અનુબંધમ' પોર્ટલના માધ્યમથી આ સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ મેળામાં શીતલ કૂલ પ્રોડક્ટસ લિમિટેડ (અમરેલી), ક્રેડિટ એક્સેસ ગ્રામીણ લિમિટેડ (સાવરકુંડલા) અને HDFC Life ઈન્સ્યોરન્સ (અમરેલી) જેવી ત્રણ પ્રતિષ્ઠિત કંપનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

રોજગારીની સુવર્ણ તક ઝડપી લેવા માટે જિલ્લાના આશરે ૯૦ જેટલા ઉત્સાહી ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. આઈ.ટી.આઈ. અમરેલીના પ્લેસમેન્ટ ઓફિસર, ત્રણેય કંપનીઓના એચ.આર. મેનેજર્સ તેમજ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના કેરિયર કાઉન્સેલર કૌશિક વાઘેલાએ હાજર રહીને યુવાનોને યોગ્ય દિશાસૂચન અને જરૂરી ટેકનિકલ માર્ગદર્શન પૂરૂ પાડયંશ હતું.સચોટ કાઉન્સેલિંગ અને પારદર્શક ભરતી પ્રક્રિયાના પરિણામે ઉપસ્થિત ઉમેદવારોમાંથી રેકોર્ડબ્રેક ૭૬ યુવાનોની વિવિધ જગ્યાઓ માટે પ્રાથમિક પસંદગી (Primary Selection) કરવામાં આવી હતી. સ્થાનિક સ્તરે જ રોજગારી



મળતા યુવાનો અને તેમના પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. જિલ્લા રોજગાર કચેરીએ આગામી સમયમાં પણ આવા વધુ ને વધુ રોજગાર લક્ષી મેળાઓ યોજીને અમરેલીના યુવાધનને સ્વનિર્ભર બનાવવાનો મક્કમ નિર્ધાર વ્યકત કર્યો છે.

## અમરેલી : એ.આર.ટી.ઓ. કચેરી ખાતે અનઅધિકૃત્ત વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધ

અમરેલી, તા. ૨૧

અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વ્યાજબી કામ સિવાય આવેલા તમામ અન અધિકૃત્ત ઈસમ કે ઈસમોની ટોળ ી, જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ ફરવામતું જાહેરનામું અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.આ હુકમ ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી થશે તથા તે સજાપાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે ફરજ પરના સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા એ.આર.ટી.ઓ. કચેરીના કર્મચારી તથા જિલ્લાના કોઈ પણ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત્ત કરવામાં આવે છે. આ હુકમ તા.૧૧/૯/૨૦૨૬ સુધી અમલી રહેશે.

### રમત-ગમત, યુવા વિભાગ હેઠળ

## અમરેલી જિલ્લામાં રાજયવ્યાપી યોગાસન સ્પર્ધાનું આયોજન

**સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૨૭ જુલાઈ સુધીમાં નોંધણી કરાવવી જરૂરી**

અમરેલી, તા. ૨૧

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજય યોગ બોર્ડ (GSYB) દ્વારા સમગ્ર રાજયમાં 'યોગાસન સ્પર્ધા-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે અમરેલી જિલ્લા કક્ષાની સ્પર્ધા આગામી તારીખ ૧ અને ૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાનાર છે. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજેતા બનનારા સ્પર્ધકોને ત્યારબાદ ઝોન કક્ષા અને અંતે રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાની સુવર્ણ તક મળશે. આ સ્પર્ધાને વયજૂથના આધારે મુખ્ય ચાર વિભાગોમાં વહેંચવામાં આવી છે, જેમાં ૦૯ થી ૧૬ વર્ષ (કેટેગરી-૧), ૧૭ થી ૩૫ વર્ષ (કેટેગરી-૨), ૩૬ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકો (કેટેગરી-૩) તેમજ GSYB કોચ અને ટ્રેનર (કેટેગરી-૪)નો સમાવેશ થાય છે. સ્પર્ધામાં ભાગ લેનારા તમામ ઉત્સાહી સ્પર્ધકોને પ્રોત્સાહનરૂપે ડિજિટલ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે, જયારે જિલ્લા સ્તરે વિજય મેળવનાર વિજેતાઓને આકર્ષક રોકડ ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

અમરેલી જિલ્લાના યોગ કોઓર્ડિનેટર સાગર મહેતા દ્વારા જિલ્લાની તમામ સરકારી તથા ખાનગી શાળાઓ, કોલેજો, સ્થાનિક યોગ કેન્દ્રો અને તમામ યોગપ્રેમી નાગરિકોને આ રાજયસ્તરીય યોગ અભિયાનમાં મોટી સંખ્યામાં જોડાવા અને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધા માટે ઓનલાઈન નોંધણી કરવાની છેલ્લી તા. ૨૭ જુલાઈ, ૨૦૨૬ છે. રસ ધરાવતા સ્પર્ધકો સત્તાવાર પોર્ટલ પર જઈને વિનામૂલ્યે ઓનલાઈન નોંધણી કરાવી શકે છે. રજીસ્ટ્રેશન પ્રક્રિયા અથવા અન્ય કોઈ પણ પ્રકારની પૂછપરછ કે મદદ માટે મોબાઈલ નંબર ૯૦૩૩૩૧૬૮૪૧ પર સંપર્ક કરવો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### રમત-ગમતથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર

## બાબરાની પંચશીલ સ્કૂલ ખાતે ૭૦માં શાળાકીય રમતોત્સવનો પ્રારંભ

**વોલીબોલ સ્પર્ધામાં તાલુકાની ૧૦ ટીમોએ લીધો ભાગ**

બાબરા, તા.૨૧

બાબરા સ્થિત પંચશીલ સ્કૂલ ખાતે ૭૦ મા શાળાકીય રમતોત્સવ અંતર્ગત તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બાબરા તાલુકાની કુલ ૧૦ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રમતગમત પ્રત્યેનો જુસ્સો અને ખેલદિલીનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પંચશીલ સ્કૂલના મેનેજિંગ ડિરેકટર રમેશભાઈ ગોલેતર, શાળાના સંચાલક હિતેષભાઈ કવા તથા પ્રકાશભાઈ ગોલેતર ઉપસ્થિત રહ્યા હતા. જયારે ઉધ્ઘાટક તરીકે ચઉઈ કન્વીનર અને વાંડલીયા હાઈસ્કૂલના આચાર્ય હરેશભાઈ વડાવિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તમામ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં આચાર્ય હરેશભાઈ વડાવિયાએ જણાવ્યું હતું કે, દરેક વિદ્યાર્થીમાં કોઈને કોઈ વિશિષ્ટ કૌશલ્ય રહેલું હોય છે અને શાળા તે પ્રતિભાને યોગ્ય દિશા આપી વિદ્યાર્થીઓને તેમના ધ્યેય સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે રમતગમતને વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને વ્યક્તિત્વ વિકાસ માટે અનિવાર્ય





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

ગણાવી હતી.

શાળાના મેનેજિંગ ડિરેકટર રમેશભાઈ ગોલેતર તેમજ સંચાલક હિતેષભાઈ કવાએ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમોને શુભેચ્છાઓ પાઠવી રમતને ખેલદિલીની ભાવના સાથે રમવા અનુરોધ કર્યો હતો.

સ્પર્ધાના સફળ આયોજન માટે ફરજ બજાવનાર તમામ નિર્ણાયકો માટે પંચશીલ સ્કૂલ પરિવાર દ્વારા ચા-નાસ્તા સહિતની સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી હતી.

અનિવાર્ય સંજોગોને કારણે કાર્યક્રમમાં હાજરી આપી શકયા ન હતા તેવા બાબરા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સોનિયા મેડમે ટેલિફોનિક માધ્યમથી રમતોત્સવ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન પંચશીલ સ્કૂલ પરિવારના સહયોગથી સંપન્ન થયું હોવાનું શાળ ાના સંચાલક પ્રકાશભાઈ ગોલેતરે જણાવ્યું હતું.

# અમરેલીનાં પટેલ સંકુલ સ્થિત કોલેજમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ



અમરેલી બી.એન. વિરાણી માધ્યમિક કન્યા શાળા, લેઉવા પટેલ ટ્રસ્ટ માધ્યમિક કન્યા શાળા, શ્રીમતિ એ.બી. પાંચાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા, અમરેલી ખાતે કલા-સાહિત્ય કાર્યક્રમ અંતર્ગત નિબંધ લેખન, શાયરી, રંગોળી, વેસ્ટમાંથી બેસ્ટ, ચિત્રકલા, માટીકામ, ભરતગૂંથણ તથા વક્તૃત્વ સ્પધા સહિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની સર્જનાત્મક પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું.




### રાવલ શેરીમાં રહેતા અરવિંદભાઈ સોલંકી નામના

# બાબરાના બેન્ક ખાતાધારકે સાયબર ફ્રોડના ૧ લાખ રૂપિયા સગેવગે કર્યા

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૧

બાબરા ગામે જુના તાપડીયા આશ્રમ સામે આવેલ રાવળ શેરીમાં રહેતા આરોપી અરવિંદભાઈ ભીખુભાઈ સોલંકીએ તેના બાબરાની બેંક ઓફ બરોડાના એકાઉન્ટ નંબર ૩૨૭૭૦૧૦૦૦૧૯૦૭૭માં અલગ-અલગ ૨ એન્કલોઝમેન્ટના સાયબર ફ્રોડ નાણા ગત તા. ૨૦/૩/૨૬ના રોજ રૂપિયા ૧,૦૦,૦૦૦ તથા રૂપિયા ૧૦૦ એમ કુલ રૂપિયા ૧,૦૦,૧૦૦ જમા કરાવેલ હતા. ગત તા. ૨૭/૯/૨૪ના રોજ એકાઉન્ટ ધારક સામે થયેલ સાયબર અરજી આધારે આરોપી અરવિંદભાઈ ભીખુભાઈ સોલંકીએ તેમના બેંક એકાઉન્ટમાં આર્થિક ફાયદો મેળવવા સારૂ વારંવાર સાયબર ફ્રોડના કુલ રકમ રૂા. ૧,૦૦,૧૦૦ જમા કરાવેલ અને જે સાયબર ફ્રોડના નાણા આ આરોપીએ ઈન્ટરનેટ બેકીંગ દ્વારા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી સાયબર ફ્રોડના તમામ નાણા પોતાના અંગત ઉપયોગ માટે સગેવગે કરી ગુન્હો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# ધારીનાં રહેણાંક મકાનમાં ચોરી કરનાર 3 તસ્કરોની અટકાયત કરવામાં આવી

### રોકડ, દાગીના સહિત રૂપિયા ૧.૧૪ લાનો મુદ્દામાલ જબ્બે

અમરેલી, તા. ૨૧

અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલસીબી ટીમ મિલ્કત સબંધી આરોપીની સઘન તપાસમાં હોય. તે દરમિયાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામે રહેતા નીતિન કાંતિભાઈ સોલંકી, ધારી તાલુકાના માલસીકા ગામે રહેતા અજય હિંમતભાઈ વાઘેલા તથા જયરાજ રમેશભાઈ વાઘેલા નામનાં ત્રણ શકમદ ઈસમોને રોકડ, સોનાના દાગીના તથા મોટર સાયકલ સાથે પકડી પાડી



પકડાયેલ ત્રણેય ઈસમોની સઘન પુછપરછ કરતાં આરોપીઓએ ગત તા. ૧૬નાં રોજ રાત્રીના આશરે સવા બારેક

અનુસંધાન પાના ૬ ઉપર

### નાવલી બજારમાં રખડતા શ્વાને ગ્રામજનોને દોડતા કરી દીધા

# લીલીયા મોટા ખાતે એક વૃધ્ધ, એક મહિલા અને બાળક સહિત 3 વ્યકિતઓ ઉપર રખડતા શ્વાનનો હુમલો

### ઘટનાને પગલે સ્થાનિકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો





અમરેલી, તા. ૨૧

લીલીયા પંથકમાં વન્ય પ્રાણીઓના વધતા આતંક વચ્ચે હવે રખડતા શ્વાનનો આતંક પણ સામે આવ્યો છે. લીલીયા ગામની મુખ્ય બજાર વિસ્તારમાં શ્વાને વૃધ્ધ, મહિલા અને બાળક સહિત ત્રણ વ્યક્તિઓ પર હુમલો કરતા ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. ઘટનાને પગલે સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો છે અને તંત્ર પાસે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.


અમરેલી જિલ્લાનાં લીલીયા ગામમાં આજે રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો હતો. ગામની નાવલી બજાર વિસ્તારમાં એક શ્વાને અચાનક લોકો પર હુમલો કરતા અફરાતફરી મચી ગઈ હતી.

શ્વાનનાં હુમલામાં લીલીયા ગામના વૃધ્ધ લલીતભાઈ બગડા, એક મહિલા તથા એક બાળક સહિત કુલ ત્રણ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના સ્થળે હાજર લોકોએ શ્વાનને હાંકી કાઢયા બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ખસેડયા હતા. વૃધ્ધ અને મહિલાને વધુ સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

લીલીયા ગામની મુખ્ય બજારમાં બનેલી આ ઘટનાને પગલે વેપારીઓ અને સ્થાનિક રહિશોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ રખડતા શ્વાનોના વધતા ત્રાસ અંગે ચિંતા વ્યક્ત કરી તંત્ર પાસે આવા હિંસક શ્વાનને તાત્કાલિક પકડી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ થોડા દિવસ પહેલા લીલીયા તાલુકાનાં અંટાળીયા ગામ નજીક રાત્રે સિંહ દર્શન કરવા ગયેલા એક યુવકને સિંહે ફાડી ખાધાની ઘટનામાં યુવકનું મોત નિપજયું હતું.

## સિંહણનું કુદરતી ગોદમાં અનેરૂ દ્રશ્ય



લીલીયા મોટાનાં અંટાળીયા નજીક આવેલ એક તળાવ કાંઠે સિંહણ રજવાડી ઠાઠ સાથે કુદરતી વાતાવરણનો લુપ્ત લેતી કેમેરામાં કેદ થઈ હતી.

### અનરાધારને બદલે સામાન્ય વરસાદથી સંતોષ માનવો પડે છે

# અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ સામાન્યથી લઈને જોરદાર ઝાંપટા રહ્યા

### જિલ્લામાં ૨ થી લઈને ૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો





અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદનો માહોલ છવાયો હતો અને ૨ મી.મી.થી લઈને ૮ મી.મી. જેટલો વરસાદ સરકારી દફતરે નોંધાયો હતો.

અમરેલી જિલ્લામાં આજે સવારનાં ૬થી સાંજના ૬ સુધીમાં નોંધાયેલ વરસાદની વિગતો કૌંસમાં મોસમનો કુલ વરસાદ દર્શાવેલ છે. જેમાં કુંકાવાવ-૮ (૨૧૮), બાબરા-૪ (૧૯૦), લાઠી-૪ (૨૨૬), લીલીયા-૨ (૩૧૨), અમરેલી-૩ (૩૦૪), બગસરા-૭ (૨૭૩), ધારી-૯ (૩૦૯), સાવરકુંડલા-૩ (૪૩૯), ખાંભા-૦ (૪૫૬), જાફરાબાદ-૨ (૩૧૨) અને રાજુલા-૭ (૬૦૪) મી.મી. વરસાદ નોંધાયેલ છે.

### વિદ્યાર્થીઓની બાબતે વડિલો વચ્ચે ડખ્ખો

# જાફરાબાદમાં સામાન્ય બાબતને લઈને બે જુથો વચ્ચે મારામારીની ઘટના બની

### પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૧

જાફરાબાદ ગામે સામાન્ય બાબતમાં બે જુથો વચ્ચે મારામારી થતા આ બનાવમાં મહિલાઓ સહીત ૨૦ જેટલા લોકો સામસામી પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બંન્ને પક્ષોની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)